# સહજ-સત્સંગ

અંક : ૨૭૭ વર્ષ : ૨૩ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જાન્યુઆરી - ૨૦૧૨



**સોમનાથ મહાદેવ**

(સૌરાષ્ટ્રના સમુદ્ર તટે)



# મા મીરાંબિકા

Give your self entirely to the
Divine and you will see
the end of all your troubles.

- The Mother

## વિપદાનો વિનાશ

ભાવાનુવાદ

ઓવારી દ્યો ઓળઘોળ કરી, પ્રભુ ઉપરે સ્વ જાતને,
તો જ વિપદા જીવનમહિંની ટળે, કાયમી અને પૂર્ણપણે.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૧, જુલાઈ ૧૯૧૪)



હવે શરીર રહ્યું નહોતું, કોઈ સંવેદન રહ્યું નહોતું; માત્ર પ્રકાશનો એક સ્તંભ હતો. સામાન્ય રીતે જ્યાં શરીરનો મૂલાધાર હોય છે ત્યાંથી ઉપર ચડતો-ચડતો તે જ્યાં સામાન્ય રીતે મસ્તક હોય છે ત્યાં સુધી પહોંચી જતો હતો અને ત્યાં આગળ ચંદ્રના બિંબ જેવું બિંબ રચતો હતો. ત્યાંથી પછી એ સ્તંભ ઉપર ચડતો-ચડતો મસ્તકથી ખૂબ-ખૂબ દૂર ઉપર ચાલ્યો ગયો અને એક પ્રચંડ સૂર્ય રૂપે ફેલાઈ ગયો, ખૂબ જ ઝળહળતા અને અનેક રંગોવાળા, એમાંથી પછી આખીએ પૃથ્વીને ઢાંકી દેતા સોનેરી પ્રકાશની વર્ષા થઈ રહી.

તે પછી પ્રકાશનો એ સ્તંભ ધીરે ધીરે નીચે ઊતરતો ગયો અને એક જીવંત પ્રકાશનો બનેલો લંબગોળ બની રહ્યો, અને તે બધાં ચક્રોને, મસ્તકની ઉપરનું ચક્ર, મસ્તક, ગળું, હૃદય, પેટનો મધ્યભાગ, કરોડરજ્જુનો પાયો, અને તેથી પણ નીચેના ભાગમાં આવેલાં ચક્રોને દરેક ચક્રને ખાસ રીતે, જાગૃત કરતો ગયો અને ગતિમાં મૂકતો ગયો. ઢીંચણની ઊંચાઈ આગળ, ઉપર ચડતા અને નીચે ઊતરતા પ્રવાહો એકબીજા સાથે જોડાઈ ગયા અને એ પરિભ્રમણ આ રીતે અસ્ખલિત બની ગયું, અને આખાએ સ્વરૂપને તેણે જીવંત પ્રકાશના એક પ્રચંડ લંબગોળથી વીંટી દીધું.

પછીથી ચેતના ધીરેધીરે એક-એક અવસ્થામાં થતી-થતી, દરેક જગતની આગળ અટકતી શરીરની ચેતના પાછી આવી ગઈ ત્યાં સુધી નીચે ઊતરતી રહી. શરીરની ચેતનામાં પાછા આવી જવાની ક્રિયા, મારી સ્મૃતિ ચોક્કસ હોય તો નવમી અવસ્થા હતી. આ ક્ષણે શરીર હજી પણ તદ્દન અક્કડ અને સ્થિર હતું.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો નિર્ધાર) | ૧ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સાચા પ્રેમને કેવી રીતે ઓળખવો ?) | ૩૦ |
| **આળસ** | ૪ | **સર્વાંગી આરોગ્ય** (શરીરની ચેતના દ્વારા રોગ - નિવારણ) | ૩૨ |
| **માતૃવાણી** (વિકાસના આયોજનનું સ્વરૂપ) | ૬ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (આપણા અહંકારની મૂર્ખાઈ) | ૩૬ |
| **સાવિત્રી** (ઊર્ધ્વ પ્રકાશમય અને આંતરપ્રેરણાત્મક મનનો આવિર્ભાવ) | ૮ | **અતિમાનવચેતનાનું અવતરણ** (નવીન ચેતના) | ૩૮ |
| **યોગ વિષે પત્રો** (દેવો અને તેના કાર્યો) | ૧૧ | **''હુતા - માતાજીનું બાળક''** | ૪૦ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ભૌતિક જીવન અને પારલૌકિક જીવન) | ૧૪ | **વેદવિજ્ઞાન** (શારીરિક કોષોનું કાયાકલ્પ) | ૪૧ |
| **યોગ પર દીપ્તિઓ** (અધોમુખ પ્રકૃતિનું શુદ્ધિકરણ) | ૧૬ | **સુંદર કથાઓ** (ત્રણ પ્રકારના માણસો) | ૪૩ |
| **સાંજના વાર્તાલાપો** (વિરોધી બળોની કાર્ય - પદ્ધતિ) | ૧૯ | **ઉપનિષદોનું અમૃત (યોગથી બંધનમુક્તિ)** | ૪૪ |
| **વેદનું રહસ્ય** (માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા) | ૨૧ | **આગામી-ભાવિ** (આંતર - ખોજ) | ૪૫ |
| **ભાવિ - સમાજ** (એક નૂતન સમાજનું ઘડતર) | ૨૫ | **કરુણા** | ૪૬ |
| | | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૮ વર્ષ : ૨૪
જાન્યુઆરી - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુનો નિર્ધાર

(પૃ.૧૫૩-૧૫૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

જે પ્રકાશને માતાજી નીચે અવતરણ થઈ પોતામાં સ્થિર થવાની વિનંતિ કરી રહ્યાં હતાં તે આખરે વ્યક્તિગત રીતે માતાજીના શરીરમાં ઊતરી આવ્યો તે મા આદ્યા-શક્તિનો પ્રકાશ અને ચેતના હતી.

માનવ શરીરની બે વિશેષતા છે :

(૧) માનવ-શરીર સમગ્ર રીતે પ્રકાશનું જ બનેલું છે અને પ્રકાશ ઉપર જ નભતું હોય છે અને પ્રકાશમાંથી જ પોષણ મેળવતું હોય છે.

(૨) તેનું શરીર વિશ્વ-રચનાથી અલગ નથી પણ સૂક્ષ્મ સ્તરે વિશ્વમાં રહેલાં વિવિધ સૂક્ષ્મ વિશ્વો સાથે પોતાના ચક્રો દ્વારા જોડાએલું હોય છે. દરેક વિશ્વ ખાસ પ્રકાશનું બનેલું હોય છે અને તેના પ્રવેશદ્વાર સ્વરૂપ માનવ-ચક્ર પણ તે પ્રકાશને ગ્રહણ કરવા સમર્થ હોય છે.

(૩) માનવ-શરીર ફરતે એક આભામંડળ હોય છે તે લંબગોળ જ્યોતિર્લિંગ જેવું હોય છે. તે ઉપર જણાવેલા ચક્રોના પ્રકાશમાંથી રચાએલું હોય છે.

(૪) કરોડરજ્જુમાંથી એક પ્રકાશ પ્રવાહ સતત વહેતો હોય છે, જે મસ્તકમાંથી નીચે ઊતરી ગોઠણ સુધી આવે છે. બીજો પ્રવાહ પગના તળિયેથી શરીરમાં પ્રવેશી ઉપર ચડતો ગોઠણ પાસે આવી ઉપરથી આવતાં પ્રવાહ સાથે મળે છે.

મસ્તકમાંથી ફુવારાની જેમ ઉપર ચડતો પ્રવાહ શરીરની બન્ને બાજુ વિભાજીત થઈને નીચે અવતરણ પામતો પગનાં તળિયા સુધી આવી ત્યાંથી ફરી પગ દ્વારા શરીરમાં પ્રવેશી ઉપર ચડે છે. આમ જાણે બે વર્તુળો તૈયાર થાય છે.

ગોઠણ એ અવચેતનાને આધાર આપતો શરીરનો ભાગ છે. ઊર્ધ્વમાંથી આવતો પ્રવાહ તેને રૂપાંતરિત થવા દબાણ લાવતો હોય છે.

આ સમગ્ર પ્રકાશ પ્રવાહ જ્યાં યોગચક્ર છે ત્યાં થોડો અટવાય છે કારણ તેનો અમુક ભાગનો પ્રવાહ તે યોગચક્ર દ્વારા શરીરમાં પ્રવેશતો હોય છે અને તે યોગચક્રની આજુબાજુના પ્રદેશને પોષણ આપતો હોય છે અને ચેતનવંતો બનાવતો હોય છે.

(અનુ. પાના ૨૯ ઉપર)

# આળસ

- જ્યોતિબહેન થાનકી

## (ભાગ - ૧)

માણસ બીજાઓની સિદ્ધિ-પ્રગતિ, માન-સન્માન જુએ છે, ત્યારે તેને મનમાં જરૂર થાય છે કે આવું તો હું પણ કરી શકું છું. પણ પછી એ વિચાર લાંબું ટકતો નથી, કેમ કે કંઈ પણ પ્રાપ્ત કરવા માટે મહેનત કરવી પડે છે. જેમ સિદ્ધિ વધારે મોટી તેમ મહેનતનું પ્રમાણ પણ વધારે. સિદ્ધિનો માર્ગ સખત પરિશ્રમથી જ કંડારાય છે. આ બધું જાણતા હોવા છતાં આપણે મહેનત કરતાં નથી, કેમ કે મહેનત કરવી ગમતી નથી. આરામ કરવો, આનંદ-પ્રમોદ, હરવું-ફરવું, ગપ્પાં મારવાં - આ બધું માણસને ગમે છે, કેમ કે એમાં કંઈ કરવાનું હોતું નથી, પરિશ્રમ પડતો નથી. પણ પછી આ બધું માણસને ક્યાંય આગળ પણ લઈ જતું નથી. આથી કોઈ પ્રગતિ પણ થતી નથી. ઊલટાની માણસની ચેતનાને આ બધું નીચે લઇ જાય છે. આથી માણસે પોતાની અંદર ઊંડા ઊતરીને જોવું જોઈએ કે કયાં પરિબળો તેને આગળ વધતાં અટકાવે છે.

### પહેલું પરિબળ છે આળસ

આળસ એટલે મનુષ્યમાં રહેલી કામ નહીં કરવાની વૃત્તિ. આ વૃત્તિ તમસ સાથે સંકળાયેલી છે. માણસમાં તમસ રહેલું છે. આ તમસ એ જડતત્ત્વનું બનેલું છે. આથી તેનામાં તમસ છે, જડતા છે અને આળસ પણ ભારોભાર રહેલી છે. આ આળસને લઈને જ માણસ બધું જાણતો હોવા છતાં કશું કરતો નથી. દરરોજ વહેલા ઊઠીને નિયમિત કસરત કે યોગ અને પ્રાણાયામ કરવાથી શરીર સ્વસ્થ રહે છે. આખો દિવસ સ્ફૂર્તિ અનુભવાય છે. દવાઓના સેવનમાંથી મુક્તિ મળે છે. આ બધું દરેક લોકો જાણે છે. દરરોજ સારાં પુસ્તકોનું અર્ધો કલાક વાચન કરવાથી મન પ્રફુલ્લિત બની જાય છે. મનનો વિકાસ થાય છે. આની પણ દરેક લોકોને જાણ છે, છતાં મોટા ભાગના લોકો તેમ કરતાં નથી. શું તેમને સમય નથી ? શું આવું કરવાની તેમની પાસે શક્તિ નથી ? એવું તો નથી. ટી.વી. સિરિયલો જોવાનો, ગપ્પાં મારવાનો સમય અને શક્તિ છે, પણ મહેનત કરવા માટે સમય ને શક્તિ નથી. વહેલાં ઊઠવાની આળસ છે. કંટાળો આવે છે. સવારમાં પડ્યા રહેવું માણસને ગમે છે, તેથી એની સવાર સુસ્તીમાં જાય છે. સુંદર સમયનો તે ઉપયોગ કરી શકતો નથી.

### આળસુપણામાં રહેલી ખરાબ ભાવના

આળસુ માણસ કોઈ જ યત્ન કરતો નથી, તેથી તે તમસથી ઘેરાયેલો રહે છે. આ

સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે, ''આળસુપણામાં એક જાતની ખરાબ ભાવના રહેલી છે. તેમાં પ્રયત્ન કરવાનો ઇન્કાર રહેલો છે તથા તેમાં પ્રગતિનો વિરોધ છુપાયેલો છે. તેમાં એક જાતની શિથિલતા અને તમોગ્રસ્તતા રહેલી છે.'' આથી જે લોકો આવીને મને કહે છે કે, ''ઓહ, મારા જીવનમાં મેં સખત પરિશ્રમ કર્યો, હવે મારે આરામ કરવો છે. કૃપા કરીને મને આશ્રમમાં રહેવા દેશો ?'' આવા લોકોને હું કહું છું કે 'અહીં નહીં, આ કંઇ આરામ માટેનું સ્થળ નથી. અહીં તો તમે જે સખત પરિશ્રમ કર્યો છે, તેના કરતાં પણ વધારે સખત પરિશ્રમ કરવો પડશે.'' પછી આવા લોકોને શ્રીમાતાજી હિમાલયમાં મોકલી દેતાં હતાં અને કહેતાં કે, ''ત્યાં જઇને શાશ્વત બરફની સામે બેસો એટલે તમને આરામ મળશે.'' આમ, આરામની ભાવના પાછળ પણ આળસ અને તમસ રહેલાં હોય છે. એ બહાના હેઠળ માણસ આળસને પોષતો હોય છે.

### આળસ મનુષ્યનો શત્રુ

એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે, ''આલસ્યં હી મનુષ્યાણાં શરીરસ્થો મહારિપુઃ''. આળસ એ મનુષ્યના શરીરમાં રહેલો મહાન શત્રુ છે. સામાન્ય શત્રુ નહીં, પણ શરીરમાં પ્રવેશી ગયેલો એવો શત્રુ કે જે ધીમે ધીમે મનુષ્યની તમામ શક્તિઓને શોષી લે અને તેને જડવત્ બનાવી દે કે પછી એ કંઈ કરી શકે નહીં. આળસથી પ્રગતિ રૂંધાઇ જાય છે. ચેતના ક્ષીણ થઈ જાય છે. આળસુ માણસ પરિવારજનોને માટે પણ બોજ બની રહે છે. સમાજમાં તેનું માન કે સ્થાન રહેતાં નથી. તેની શારીરિક શક્તિઓ પણ વપરાયા વગરની રહેતી હોવાથી પછી શરીર જડ જેવું બની જાય છે. માનસિક શક્તિઓ પણ કુંઠિત થઈ જાય છે. આવા મનુષ્યોને સંસ્કૃત સુભાષિતમાં શિંગડાં અને પૂંછડા વગરના પશુ જેવા કહ્યા છે. પૃથ્વી પર ભારરૂપ ગણ્યા છે.

### આળસ બહાનાને ઉત્તેજન આપે છે.

જે માણસોમાં આળસુપણું ભારોભાર રહેલું હોય તેમને કોઈ જ કામ કરવું ગમતું નથી. પણ એવા માણસો ક્યારેય પોતે આળસને લઈને કામ નથી કરતાં એ સ્વીકારતા નથી. ઊલટાનું પોતે એ કામ નથી કર્યું; એને છાવરવા માટેનાં સુંદર કારણો રજૂ કરવા લાગશે. કોઈ કહેશે, હું એ કામ કેવી રીતે કરવું, તે જાણતો નથી; એટલે કરતો નથી. તો બીજો માણસ એમ કહેશે, મેં અગાઉ આ કામ કર્યું હતું, પણ તેમાં સફળતા ન મળી, એટલે આ વખતે હાથમાં લીધું જ નહીં. તો ત્રીજો કહેશે કે એની શરૂઆત કેમ કરવી તેની મને ખબર પડી નહીં, એટલે ન કર્યું. આમ, જે કારણ પહેલું મનમાં આવે તે ધરી દેશે. સરસ મજાનું બહાનું શોધીને પોતાની આળસને છાવરી લેશે. પણ વાસ્તવમાં તો આળસને લઇને એને પ્રયત્ન કરવો જ ગમતો નહોતો. આળસુપણું આ રીતે દંભને સર્જે છે. દંભ તો મનુષ્યનો બીજો ખતરનાક શત્રુ છે. તેના તો પડછાયામાં પણ માણસે ન આવવું જોઈએ. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
## વિકાસના આયોજનનું સ્વરૂપ

(માતૃવાણી - ૪) (૧૭ ફેબ્રુ. ૧૯૫૧) (પૃ.૧૩૪-૧૩૯)

પ્રકરણ - ૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રભુ તો સર્વશક્તિમાન છે, તો એવું કયું કારણ છે કે જેને લઈને પરિસ્થિતિમાં હજી સુધી પરિવર્તન આવ્યું નથી. પૃ.૧૩૪

૨ આ જે થનાર છે (પ્રભુના સંકલ્પાનુસાર) તે વસ્તુ તમે..... માનો છો તેથી..... ભિન્ન છે. પૃ,૧૩૪

૩ (તમારી કલ્પનાને અનુસરવાથી) સૃષ્ટિનો એક આખો ભાગ એવો રહી જશે જે તમારું અનુસરણ નહિ કરી શકે અને પ્રભુનો પૂર્ણ સાક્ષાત્કાર થવાને બદલે..... નજીવો સાક્ષાત્કાર થશે. પૃ.૧૩૪

૪ (સંકલ્પસિદ્ધિમાં મુશ્કેલીઓ આવે તો સમજજો) એ સત્ય બીજા હયાત સત્યો સાથે સમન્વયમાં ન હતું - વર્તમાન શક્યતાઓ સાથે મેળ ન હતો..... (આપણો) એ પ્રયત્ન વધુ પડતો ઝડપી હતો. પૃ.૧૩૫

૫ જે સૌથી વધુ ધીરજવાન હશે તેમનો જ વિજય થશે. પૃ.૧૩૫

૬ હે પ્રભુ, એમ કર કે જેથી અમે અમારાથી થઈ શકે તેવું ઉત્તમમાં ઉત્તમ કામ કરીએ અને તે પણ શક્ય તેટલી સારામાં સારી રીતે (સાચી અભીપ્સાનો પ્રકાર) પૃ.૧૩૫

૭ તમે તમારા શરીરને શક્ય હોય તેટલું સચેતન બનાવો. પૃ.૧૩૬

૮ દરેક વ્યક્તિને જે અનુભવો થાય છે તે એના સમગ્ર રીતના વિકાસમાં સહાયભૂત થાય તેવા હોય છે. પૃ.૧૩૬

૯ તમે પોતાની અંદર પોતાની સિદ્ધિને પૂર્ણ બનાવવા માટે જરૂરી એવી સર્વ મુશ્કેલીઓને ધારણ કરો છો..... (તેનો) ઉપયોગ કઈ રીતે કરવો તેનો આધાર તમારી ઉપર નિર્ભર છે. પૃ.૧૩૭

ઘણા લોકો આ જગતમાંનું દુઃખ, યાતના, દારિદ્રય, અત્યાચાર, દુર્ગુણો જોઈને ડરી જાય છે. આ જગતને સુધારી શકાય એવું નથી એવું મંતવ્ય ધરાવતા થાય છે અને પૂછે છે કે જો પ્રભુ સર્વ-શક્તિમાન હોય તો તેમને આ જગતને સુધારવા કોણ રોકી રહ્યું છે? કેમ જગત બદલાતું નથી?

આ પ્રશ્ન નિર્માણ થવાનું કારણ આપણી એકાંગી દૃષ્ટિ છે. આપણું મર્યાદિત મન જીવનનો એક આદર્શ રચે છે અને તેને ઝટ મેળવી લેવા ઉતાવળ કરે છે. પણ આમ કરતાં જગતનો ઘણો મોટો ભાગ આ વિકાસ પ્રક્રિયામાંથી બહાર ફેંકાઈ જાય છે. પ્રભુને તો સમગ્ર જગતનો, જગતમાંના એકે એક પ્રાણીનો, હરેક વસ્તુ માત્રનો વિકાસ કરવાનો છે.. જગતના અલ્પસંખ્યાંક વ્યક્તિઓનો નહિ. આપણા એકાંગી ધ્યેયને અનુસરવાથી જગતની સમતુલા જ ખોરવાઈ જશે, તેમાં સામંજસ્ય જ નહિ રહે. સારાંશ, પ્રભુનો જગત વિષેનો સંકલ્પ એટલો વિશાળ છે કે તેને વ્યક્તિ સમજી શકતી નથી. તેથી આપણને કોઈક સત્ય મળ્યું હોય તો પણ તેને વાસ્તવિક કરવા માટે આપણે અનેક અવરોધોમાંથી પસાર થવું પડે છે અને તેથી ધીરજ રાખવી જરૂરી છે.

આપણું સત્ય જગતનાં અનંત સત્યો સાથે હાલના તબક્કે સમન્વયમાં રહેતું નથી. વર્તમાન શક્યતાઓ નથી. તે સંકલ્પ સાચો હશે પણ હજી તેનો સમય આવેલો હોતો નથી. તેથી દરેક સત્ય તત્કાળ સિદ્ધ થશે એમ આગ્રહ રાખવો ખોટો છે.

જે ધીરજ રાખશે તે જ પોતાના સત્યને વાસ્તવિક કરી શકશે.

આપણી અભીપ્સા એ ન હોવી જોઈએ કે પ્રભુ તારી ઇચ્છા પૂર્ણ થાઓ પણ એ હોવી જોઈએ કે અમે અમારું સર્વોત્તમ કાર્ય, સર્વોત્તમ રીતે કરી શકીએ. આ પ્રાર્થનામાં પ્રભુ અને આપણો સંકલ્પ સમન્વય સાધે છે.

આપણું સત્ય-દર્શન અન્યોના સત્ય દર્શનથી ભિન્ન હોય તો, ટીકા ન કરવી જોઈએ; કારણ દરેકની કૃતિ જ જુદી હોય છે અને તેથી સમજણ-શક્તિ અને વિકાસનો તબક્કો પણ જુદો જ હોય છે.

માણસ માત્રમાં તેના આદર્શને ઉપયોગી અને વિરોધી બન્ને પ્રકારના ગુણધર્મો હોય છે. તેણે કુશળતાથી આ બન્નેનો ઉપયોગ પોતપોતાના સંકલ્પને વિકસાવવા કરી લેવો જોઈએ. મુશ્કેલીઓ રૂપાંતરની આવશ્યકતા દર્શાવવા અને

(અનુ. પાના ૧૮ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## ઊર્ધ્વ, પ્રકાશમય અને આંતરપ્રેરણાત્મક મનનો આવિર્ભાવ

પ્રકરણ - ૧૧૨

(Savitri, B-1, C-4, P. 48)

In the oblivious field of mortal mind,
Revealed to the closed "prophet eyes of trance"
Or in some deep internal solitude
Witnessed by a strange immaterial sense.
The signals of eternity appear.

માનવ મર્ત્ય-જીવન જ એવું છે જેમાં સમયાનુસાર પાછલું ભૂલાઈ જાય છે (oblivious) હાલનું જ થોડું ઘણું યાદ રહે છે. પણ યોગ-સાધનામાં આથી વિરુદ્ધની એક ઘટના બને છે. અનંત વર્ષો પહેલાં અનુભવેલી સનાતન - ચેતના જેને આપણે જન્મોજન્મથી ભૂલી ગયાં છીએ, તેનાં દર્શન થવા માંડે છે. આ સામાન્ય - સ્મૃતિની આંખ હોતી નથી પણ કોઈ ક્રાંતિદર્શી નેત્ર (prophet eyes) હોય છે. તે આર્ષ-દર્શન હોય છે (trance) એ વખતે યોગી પોતાની ચેતનામાં ઊંડે ઊતરી ગએલો હોય છે અને એક નીરવ-ચેતનામાં પ્રવેશેલો હોય છે (deep internal solitude) અને તે નીરવ-ચેતના કોઈ ગૂઢ આંતર નેત્રથી જોવાતી પણ હોય છે. તે પ્રત્યક્ષ દેખાય છે, અનુભવાય છે અને તેની ખાતરી હોય છે. આવી રીતે પેલી નીરવ-ચેતનાનાં દર્શન કરતી વખતે જ સનાતનતાનાં સંવેદનો (signals of eternity) જણાવા માંડે છે.

The truth mind could not know unveils its face,
We hear what mortal ears have never heard,
We feel what earthly sense has never felt,
We love what common hearts repel and dread;

આપણે જે મનને જાણીએ છીએ તે ક્ષણે ક્ષણે અજ્ઞાનમાં, ભૂલોમાં અટવાઈ જતું મન છે પણ ઊર્ધ્વકક્ષાએ એક સત્યના પ્રકાશથી, પ્રજ્ઞાથી, ભરપૂર એવું પ્રકાશમય મન પણ છે. જે સત્યને જાણે છે, અનુભવે છે. આ પ્રકાશમય મનનો અનુભવ સામાન્ય માણસને આવતો નથી, પણ હવે તે પોતે પડદા પાછળથી આગળ આવે છે અને પ્રગટ થઈ કાર્ય કરે છે. જાણે પોતાનું મુખ-દર્શન કરાવે છે (unveils its face) અને તેને કારણે ભૌતિક ઇન્દ્રિયો જે વસ્તુનાં સંવેદનો ગ્રહણ કરવાની ક્ષમતા ધરાવતાં નથી (early sense has never felt) એવાં સંવેદનો હવે થવા માંડે છે. તેમાં પણ બે સંવેદનો મુખ્ય છે - તે છે દર્શન અને શ્રવણનાં. આ સંવેદનો લગભગ બધાંને જ થાય છે અને તે વારંવાર પણ થાય છે. આને જ દિવ્ય-દર્શન અને દિવ્ય-શ્રવણ કહે છે. શ્રી અરવિન્દે પોતાની ઉપલબ્ધ ડાયરીઓમાં (Records of Yoga)માં તેને ‘દૃષ્ટિ’ અને ‘શ્રુતિ’ તરીકે વર્ણવેલ છે. પુરાણો શ્રુતિને ‘આકાશવાણી’ કહે છે.

દિવ્ય-દર્શન, કોઈ સ્વપ્નનું, પ્રતીકનું કે અક્ષરોનું થાય છે. શ્રવણ દિવ્ય શબ્દો, સંગીત કે કાવ્યનું થાય છે. આ બધાં સૂક્ષ્મ સંવેદનો હવે આપણી ઇન્દ્રિયો ઝીલવાં માંડે છે. આને કારણે આપણી દૃષ્ટિ વિશાલ બને છે. સૂક્ષ્મ જગતો સાથે આપણો સંબંધ બંધાય છે. ત્યાંનાં સત્ત્વો સૃષ્ટિ અને ઘટનાઓ વિષે જાણી શકીએ છીએ અને તેના જીવન ઉપર થતાં પરિણામો અનુભવી શકીએ છીએ. આવી વસ્તુઓ બાબત સામાન્ય લોકોને ડર અને ઘૃણા (Repel and dread) હોય છે. અજ્ઞાત વસ્તુ બાબત ભય પામવો એ માનવી-સ્વભાવ છે, પણ હવે આ પ્રકાશમય મનને કારણે વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે. જિજ્ઞાસાવૃત્તિ વધારે સતેજ બને છે. દિવ્ય-સંરક્ષણની ખાતરી હોવાથી નિશ્ચિંતતા હોય છે અને નવો જાણવાનો, સાહસનો આનંદ હોય છે.

Our minds hush to a bright Omniscient;
A Voice calls from the chambers of the soul;
We meet the ecstasy of the Godhead's touch
In golden privacies of immortal fire.

પેલું પ્રકાશમય મન ચેતનાનો સુવર્ણમય પ્રકાશ વધારે ને વધારે પ્રગટ કરતું જાય છે. તેને કારણે અન્ત:પ્રેરણાત્મક મન સક્રિય બની ઉપર મુજબની સૂક્ષ્મ

સંવેદનો જાણવાની આપણી ક્ષમતા વધારી મૂકે છે. પણ આ પ્રક્રિયા અહીં જ વિરામ પામતી નથી. જેમ જેમ ચેતનાનો સુવર્ણમય પ્રકાશ તીવ્ર થતો જાય છે તેમ તેમ સૂક્ષ્મ સંવેદનો વટાવીને ચેતના અતિસૂક્ષ્મ આત્મતત્ત્વનાં, ચેતનાનાં સંવેદનો સ્વીકારવા લાગે છે અને તેમાં જ એકાગ્રતા ધારણ કરતું જાય છે, કારણ આત્માની સભાનતા તેના અવ્યક્ત આનંદને પણ પ્રગટ કરવાની શરૂઆત કરે છે, તેથી તે એકાગ્રતામાં આનંદ અને સુખ વધતાં જાય છે. મનની એકાગ્રતા (mind's hush)ને કારણે આત્માની સર્વજ્ઞતા (Omni scient) પણ પ્રગટ થવા માંડે છે. જેમ જેમ આ અનુભવ વધતો જાય છે તેમ તેમ આત્માનું આકર્ષણ વધતું જાય છે (A voice calls from the chamber of soul) અંતે, યોગી વિજ્ઞાનમય ચેતનાની સીમાપ્રદેશે આવી પહોંચે છે. તે આત્માની એ કક્ષા છે, જ્યાં આત્મતત્ત્વ પોતાની સર્વજ્ઞતા, અસીમતા, અખંડિતતા અને દિવ્યાનંદ બાબત પૂર્ણ સભાન હોય છે. તે કક્ષાએ પ્રભુનો અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પોમાંથી તેની સક્રિયતાના કારણે ઊઠતો નાદ આત્મપ્રભાનો ઝળહળતો સુવર્ણમય પ્રકાશ ઉત્સર્જીત કરતો હોય છે. શ્રી અરવિન્દ તેને "golden privacies of immortal fire" કહે છે. તેને privacies એકાંત કહે છે કારણ ત્યાં આત્મતત્ત્વની એકતા અને અખંડિતતા સિવાય કાંઈ હોતું જ નથી. ત્યાં દિવ્યાનંદ અને પ્રભુના આલિંગન જેવું અનુભવાય છે (Godhead's touch)

These signs are native to a larger self
That lives within us by ourselves unseen;
Only sometimes a holier influence comes,
A tide of mightier surgings bears our lives
And a diviner Presence moves the soul.

આ બધી અનુભૂતિઓ એ આપણામાં જ છુપાએલી હોય છે. (unseen) પણ તે વિશ્વાત્માનાં (larger-self)નાં સ્વભાવગત લક્ષણો છે. કોઈ કોઈ વખત આપણાં મનમાં અતિપવિત્ર ભાવો પ્રગટ થવા લાગે છે (holier influence) અને પ્રચંડશક્તિનું વહેણ (mighter surglngs) આપણામાં વહેતું અનુભવાય છે ત્યારે એક દિવ્ય-અનામી-નિરાકાર હાજરીનો આપણી ચેતનાને અનુભવ થાય છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

દિવ્ય અને વિરોધી શક્તિઓ - પ્રકરણ - ૪

## દેવો અને તેનાં કાર્યો

(ભા.૧, પૃ.૪૩૧-૪૩૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧ ઊર્ધ્વ સત્ત્વો એકબીજાની સાથે અસંવાદમાં ન હોઈ શકે કારણ કે તેઓ નિમ્નતર અજ્ઞાનને આધીન નથી. પૃ.૪૩૧**

**૨ કોઈપણ આવિર્ભાવની ભૂમિકા રૂપો વગરની હોતી નથી..... પરંતુ..... સ્થૂળ ભૂમિકાઓ માફક રૂપોથી બંધાએલી હોતી નથી. પૃ.૪૩૦**

**૩ માનવીઓ જે રૂપો બાંધે છે તેમને તેઓ (દેવો) સ્વીકારે છે. પૃ.૪૩૧**

**૪ જે મનોવૈજ્ઞાનિક શક્તિઓ તેમની (દેવોની) સાથે લાવે છે તેનો હું નિર્દેશ કરું છું..... મિત્ર = સંવાદ, વરુણ = વિશાળતા, અર્યમા = તપસ્યા, બૃહસ્પતિ = પ્રજ્ઞા, વિષ્ણુ = વિશ્વરૂપ ચેતના, વાયુ = પ્રાણ - જીવન. પૃ.૪૩૨**

**૫ બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિશ્વરૂપ..... વ્યક્તિરૂપો છે. પૃ.૪૩૩**

**૬ દિવ્યપ્રેમ અને આનંદનાં સ્વામી તરીકે શ્રીકૃષ્ણનું પ્રતીક છે. પૃ.૪૩૪**

**૭ બુદ્ધ નિમ્ન પ્રકૃતિની અવિદ્યા ઉપરનો વિજય દર્શાવે છે. પૃ.૪૩૫**

**૮ નારદ પ્રેમ અને જ્ઞાનનો ભાવ દર્શાવે છે. પૃ.૪૩૫**

દેવો અને ઊર્ધ્વતર સત્ત્વો એકબીજાનાં વિસંવાદમાં હોતા નથી, કારણ તેઓને પ્રભુના આયોજનનું જ્ઞાન હોવાથી તે અનુરૂપ જ તેઓ પોતાની ક્ષમતા અને શક્તિ વાપરે છે. પ્રભુનાં આયોજન બાબતનું અજ્ઞાન એ નિમ્નતર અજ્ઞાનનો ભાગ છે.

છતાં દેવો માનવોની દૃષ્ટિએ જાણે સંઘર્ષમાં ઊતર્યા છે એવું માનવને લાગે છે તે તેની પોતાની પ્રભુના આયોજનને ન સમજવાની અક્ષમતા માત્ર છે. દેવો માનવની દૃષ્ટિએ વિરોધી ભૂમિકા લેતા દેખાય છતાં તેવું હોતું નથી. અમુક વસ્તુ વિકસાવવા તેઓ તેવી ભૂમિકા સમજીને જ સ્વીકારતાં હોય છે.

દરેક આવિર્ભાવને કોઈક રૂપ તો હોય જ છે. રૂપ વગરનો આવિર્ભાવ નથી પણ રૂપ ભૌતિક કક્ષાનું જ હોવું જોઈએ અથવા આજીવન નિશ્ચિત અને વ્યક્તિથી અનિયંત્રિત જ હોવું જોઈએ તેવું નથી. ઊર્ધ્વકક્ષાનાં સત્ત્વોનાં રૂપ પ્રકાશમય હોય છે. પ્રસંગાનુસાર તેઓ તેમાં સંકલ્પમાત્રથી ફેરબદલ કરી શકે છે. તેમનાં કાર્યને તે અનુરૂપ રહે એવી તેઓ કાળજી લે છે. દરેક કક્ષાએ રૂપનો ઉપયોગ વિવિધ હેતુથી થાય છે. મનોમય કક્ષાએ વિચારોની અભિવ્યક્તિ માટે, જ્યારે ભૌતિક કક્ષાએ ભૌતિક કર્મ કરવા માટે. જેમ જેમ નિમ્નકક્ષાનાં રૂપો બને છે તેમ તેમ તેમાં ફેરફાર કરવો મુશ્કેલ જાય છે.

દેવો પોતાના ભક્તોની અપેક્ષા મુજબ પોતાના રૂપો ધારણ કરે છે (ય યથામાં પ્રપદ્યંતે તાં સ્તથૈવ ભજામ્યહમ - ગીતા) દા.ત. માહેશ્વરીનાં દુર્ગા, ઉમા, પાર્વતી, ચંડી વગેરે વિવિધરૂપો છે. તેનું ગ્રીક સ્વરૂપ એટલે પેલાસએથીની. આ બધાં ખરેખર તેમનાં કાર્યનાં પ્રતીકાત્મક રૂપ છે. દા.ત. દુર્ગા એટલે અશુદ્ધ અચેતન પ્રકૃતિનાં દુર્ગમાં રહીને તેને ઉત્ક્રાંત કરવા મથતી દિવ્ય-શક્તિ. ઉમા એ દિવ્ય - જ્ઞાન અને ક્ષમતાનું સ્વરૂપ છે. પાર્વતી ભૌતિક અને શારીરિક-ચેતનાનું, જ્યારે ચંડી વૈશ્વિક શક્તિઓનું, સિંહ એ દિવ્ય પ્રાણશક્તિનું પ્રતીક છે. મહાકાલી જ્ઞાન અને તપનું સ્વરૂપ છે, જે ઊર્ધ્વકક્ષાએ સુવર્ણમય સ્વરૂપનું છે.

વૈદિક દેવો પણ આ રીતે જ સમજવાનાં હોય છે. દા.ત. સંવાદમયતાનું સ્વરૂપ એટલે મિત્ર, વિશાળતાનું વરુણ, તપસ્યાનું અર્યમા, પ્રજ્ઞાશક્તિનાં બૃહસ્પતિ, વિશ્વરૂપ ચેતનાનાં વિષ્ણુ અને પ્રાણશક્તિનાં વાયુ.

પુરુષ જે પ્રકૃતિની લીલાને ટેકો આપે છે તેની દ્વારા ઉપર મુજબનાં દેવો પ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં રૂપાંતર કરવા મથતા હોય છે. વિશ્વપુરુષનાં ત્રિવિધ વ્યક્તિરૂપો એટલે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ (મહેશ) પરંપરાગત રીતે તેમને સર્જન, વ્યવસ્થાપન અને વિસર્જનના દેવો ગણ્યાં છે પણ ખરેખર તે ક્રમશઃ ભૌતિક વિશ્વો, મનોમય વિશ્વો અને ચૈતસિક વિશ્વોની કક્ષાએ કાર્ય કરતાં દેવો છે અર્થાત્

વ્યક્તિગત કક્ષાએ તેઓ જ વૈશ્વાનર (સ્થૂળ શરીરનો સંચાલક), તેજસ (સૂક્ષ્મ શરીરનો સંચાલક) અને પ્રાજ્ઞ (કારણ શરીરનો સંચાલક) છે; જ્યારે વૈશ્વિક કક્ષાએ તેઓ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે અને વિશ્વાતીત કક્ષાએ વિરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર છે.

ઘણી વખત દેવો માહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી પૈકી એકનું કે વધારે શક્તિઓનો સમન્વય કરી કાર્ય કરતાં દેખાય છે. દા.ત. મિત્ર મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની શક્તિઓને પોતાનો મૈત્રીભાવ વધારવા માટે વધુ ઉપયોગમાં લે છે. ખરેખર તો ચારે શક્તિઓ બધે જ કાર્ય કરતી હોય છે પણ અમુક પાર્શ્વભૂમિમાં રહીને અને અમુક અગ્રભાગે આવીને. તેથી ઉપર મુજબનો તફાવત માનવને જણાય છે. અધિમનસની કક્ષા સાધારણ રીતે દેવોની શ્રેષ્ઠતમ કક્ષા કહેવાય છે. પણ આ ખ્યાલ ઉત્ક્રાંતિનાં હાલના તબક્કાને આધારે રચાયો છે. દેવો અતિમનસ કક્ષાનાં પણ હોઈ શકે છે. તેથી વૈદિક દેવોને અધિમનસની કક્ષાએ જ ગોઠવવાનો પ્રયત્ન ભૂલભરેલો છે. અધિમનસથી નિમ્ન-કક્ષાનાં પણ દેવો છે. છેક સૂક્ષ્મ-પાર્થિવ જગતમાં પણ પરી જેવા દેવતા કક્ષાના સત્ત્વો છે જ.

ચૈત્યપુરુષને (પ્રાજ્ઞ) શિવ અને વિશ્વપુરુષને મહાશિવ, મહેશ કહ્યાં છે. કદાચ અતિમનસ કક્ષાનાં તેમનાં રૂપોને મહેશ્વર કહ્યાં હોવાની શક્યતા છે. 'ભૂતેશ' શબ્દ પંચમહાભૂતના સ્વામી વૈશ્વાનર માટે વાપરેલો હોવાની શક્યતા છે.

દેવો વિવિધ કક્ષાએ જરૂરિયાત મુજબ કામ કરતાં હોવાથી તેમને એક જ કક્ષાએ નિશ્ચિત કરવા યોગ્ય નથી.

શ્રીકૃષ્ણ આનંદમય પુરુષનું પ્રતીક છે જે દિવ્ય-પ્રેમને પ્રકટ કરવા સમર્થ છે. કૃષ્ણની વાંસળીને અનાહતનાદ અથવા પ્રભુના પોકારનું (Divine-Call) પ્રતીક ગણી શકાય.

ગીતાનો કૃષ્ણ આધ્યાત્મિક જ્ઞાન ભક્તિ અને કર્મનું પ્રતીક છે. બુદ્ધ નિમ્નપ્રકૃતિ ઉપરનો વિજય (માર ઉપર વિજય માર = સ્મર = કામદેવ) નારદ દિવ્યપ્રેમ અને જ્ઞાનનું, ગણેશ ભૌતિક-ચેતના, કાર્તિક સ્વામી દિવ્યપ્રાણમય ચેતનાનાં પ્રતીકો છે. આ નામો માનવે આપેલાં છે પણ દેવો અસ્તિત્વ પહેલેથી જ ધરાવે છે. કાર્તિકસ્વામી અને સરસ્વતીનો વાહન મોર એ દિવ્ય પ્રભામંડળનું પ્રતીક છે, જેમાં વિવિધ પ્રકાશરંગોની ભાત, વિશેષતઃ નીલપ્રકાશની ભાત દેખાય છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૮

(પૃ.૯૮-૯૯)

## શ્રી અરવિન્દ : ભૌતિક જીવન અને પારલૌકિક જીવન

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. My own life and my Yoga have always been... both this worldly and other worldly. P. 98
2 I found myself entering supraphysical worlds... and an effect from them upon the material plane. P. 98
3 For me all is Brahman and I find the Divine every where. P. 98
4 In my Yoga 1 found to include both worlds in my perview... the spiritual and material and to try to establish the Divine consciousness and the Divine Power in men's heart and earthly life, nor for a personal salvation only but for a life divine here. P. 98
5 I have therefore spoken of the persuit of it as the integral Yoga. P. 99
6 It is this view and experience of things and of the truth of existence that enabled me to write "The life Divine" and "Savitri". P.99

કોઈકે શ્રી અરવિન્દ ઉપર ટીકા કરેલી કે ભારતના ધર્મનો આત્મા એટલે અન્ય અભૌતિક દિવ્ય જગતોની પ્રાપ્તિ છે અને શ્રી અરવિન્દ તો આ જગતનું રૂપાંતર કરવા ઉપડ્યાં છે. આ તો ભારતીય ધર્મના આત્માથી જ ફારગતી સમાન છે. શ્રી અરવિન્દને આ વાત જણાવતા તેમણે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી.

તેમનો યોગ આ ભૌતિક જગત અને અન્ય અભૌતિક જગત બધાનું જ અસ્તિત્વ માને છે. આ બધાં એક જ સત્યના વિવિધ સ્તરના આવિર્ભાવો છે, તેથી તેમાં એકને વધારે કે ઓછું મહત્ત્વ દેવાની કોઈ જરૂર નથી. બંનેનું અસ્તિત્વ મહત્ત્વનું જ છે. વળી બંને આપસમાં એકબીજા ઉપર પરિણામો પણ કરે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે તેમના પોતાના જીવનમાં પણ ભૌતિક જીવન તેમણે સ્વીકારેલું જ છે. નહીં તો તેઓ રાજકારણમાં સક્રિય ભાગ જ શા માટે લેત ?

ભારતને સ્વતંત્ર કરવા શા માટે ચિંતા સેવત?

તેમણે ભારતમાં પગ મૂકતાં જ તેમને જે વિશાળ ચેતનાની અનુભૂતિ આવી, ત્યારથી તો તેમને અન્ય જગતોના પણ અનુભવો આવવા લાગેલા અને તે તેમણે સ્વીકાર્યા છે. આ જગતને તે ભ્રમ માનતા જ નથી તેમ જ અન્ય જગતોને કલ્પનાવિલાસ પણ માનતા નથી. બધાંનું જ અસ્તિત્વ તેમને માન્ય છે, તેથી ભૌતિક-જીવન અને પારલૌકિક-જીવન એવો ભેદ જ તે પાડી શકતાં નથી. બંને જગતોમાં જીવન જીવાતું જ હોય છે. આપણે સ્થૂળ શરીર દ્વારા ભૌતિક-જીવનનો અનુભવ લઈ શકીએ છીએ, તો સૂક્ષ્મ શરીર દ્વારા પારલૌકિક જગતનો. બંને જગતો સત્ય જ છે અને બંનેને યોગમાં યોગ્ય સ્થાન હોવું જ જોઈએ, અન્યથા પોતાના યોગને સમન્વયાત્મક યોગ કહેવાનો કોઈ અર્થ નથી.

તેમને શાંતિ અને સાક્ષાત્કાર મેળવવા આ ભૌતિક જગત છોડવું જરૂરી છે, એમ કોઈ વખત લાગ્યું જ નથી.

તેઓ બ્રહ્મતત્ત્વને આ ભૌતિક જગત દ્વારા પ્રગટ કરવા માગે છે. તે તત્ત્વો માનવી - હૃદયમાં પહેલેથી છે જ. તેમને ભૌતિક જીવન દ્વારા પ્રગટ કરતા શીખવાનું છે.

શ્રી અરવિન્દનો યોગ તો પરમ-આત્માનું જીવન અને ભૌતિક-જીવન બંને વચ્ચેના બધા જ લોકોનો સ્વીકાર કરે છે અને તેમને આ ભૌતિક-જગત દ્વારા પ્રગટ કરવામાં પણ માને છે. આ જ ભૂમિકાથી શ્રી અરવિન્દે દિવ્ય-જીવન અને સાવિત્રી મહાકાવ્ય લખેલ છે.

(ભારતીય ધર્મ પારલૌકિક જ રસ ધરાવે છે એ ભ્રમ છે. બૌદ્ધ ધર્મના અને શંકરાચાર્યના માયાવાદના કારણે આ ભ્રમ થયો છે. વેદકાલીન ઋષિઓએ સાધનામાં પુત્ર, સંપત્તિ, આરોગ્ય, દીર્ઘજીવન, સુખ, શાંતિ; બધાંની માગણી સ્પષ્ટ શબ્દોમાં કરી છે. રુદ્રાધ્યાયમાંનું ચમક-સૂક્ત આનું ખૂબ જ સ્પષ્ટ ઉદાહરણ છે. તેમાં આ વસ્તુ અને બીજી પણ અને ત્રીજી પણ એવી ભૌતિક જગતની વસ્તુઓની માગણી કરી છે તેમાં વારંવાર 'ચ' (અને) શબ્દ આવવાથી તે સૂક્તને 'ચમક' સૂક્ત કહે છે. તંત્ર તો ભૂક્તિ અને મુક્તિને સમસમાન મહત્ત્વ આપે છે.

આવી જ વાત સાક્ષાત્કાર બાબતની પણ છે. તેમાં અહીં જ સાક્ષાત્કારની જ વાત છે, મરણોત્તર સાક્ષાત્કારની નથી. ઉપરની પ્રથમ ગેરસમજને કારણે આ બીજી ગેરસમજ પણ ફેલાએલી છે. સદેહ મુક્તિની કલ્પના પૂર્વાપરથી ચાલુ છે.)

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૧૧

# અધોમુખ પ્રકૃતિનું શુદ્ધિકરણ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **આપણી અધોમુખ પ્રકૃતિ.... તેની બાધાઓ..... એટલે કે સાધનાની ઉધાર બાજુ જ જોયા કરવી એ ભૂલ છે. પૃ.૧૦**
- **ઉપરની ભૂમિકામાંથી શક્તિના અવતરણનો અનુભવ છે જે સાધનાની જમા બાજુ છે. પૃ.૧૦**
- **..... (તેને) માટે સાદ કરતાં પહેલાં..... પોતાની અધોમુખ પ્રકૃતિ પૂરેપૂરી અને સદાને માટે વિશુદ્ધ થાય એની વાટ જોઈને બેસે તો કદાચ એને સદાને માટે વાટ જ જોયા કરવી પડે. પૃ.૧૦**
- **જેટલા પ્રમાણમાં દિવ્ય-પ્રકૃતિનું અવતરણ થાય છે તેટલા પ્રમાણમાં અધોમુખ પ્રકૃતિ વધારે નિર્મળ બને છે. પૃ.૧૧**
- **પૂરેપૂરી વિશુદ્ધિ કે સ્થાયી અને સંપૂર્ણ આવિર્ભાવ બેમાંનું એકેય એકી સપાટે આવી શકતું નથી. એ કાર્ય તો સમય પર અને ધીરજપૂર્વક સાધેલી પ્રગતિ પર અવલંબે છે. પૃ.૧૧**
- **એ બે ક્રિયાઓ..... બન્ને એકબીજાના હાથમાં સમર્થ બને છે અને રમે છે. સાધનાનો એ સામાન્ય ક્રમ છે. પૃ.૧૧**

સાધકમાંની અધોમુખ પ્રકૃતિનું કાર્ય અને તેને કારણે આવતી બાધાઓ વિશે શ્રી અરવિન્દ સમજાવી રહ્યાં છે. આપણે અગાઉ જોયું કે સાધકમાં બે પ્રકારની પ્રકૃતિઓ હોય છે - એક પરાપ્રકૃતિ અને બીજી અપરાપ્રકૃતિ. આ અપરાપ્રકૃતિ જ અધોમુખ પ્રકૃતિ છે. આ અધોમુખ પ્રકૃતિને શુદ્ધ કરવી આવશ્યક છે.

આ વિશુદ્ધિની પ્રક્રિયામાં સાધકે અધોમુખ પ્રકૃતિનાં નિમ્ન કાર્યોને પ્રાધાન્ય આપીને પોતાની સાધના ન કરવી જોઈએ. આ પ્રકારની પ્રકૃતિનાં અનેક પ્રકારનાં સાધના-વિરોધી કાર્યો હોય છે, જેવા કે સાધનામાં પ્રમાદ, ગડમથલ - ગૂંચવણ, ગૂંચવાડાઓ અને જટિલતાઓ. સાધક આ નકારાત્મક વસ્તુઓની છાયામાં ઢંકાઈને ફક્ત પોતાની ઉધાર બાજુ જ જોયા રાખે અને સાધનામાં સકારાત્મક વલણ ન અપનાવે તે હિતાવહ નથી.

સાધનામાં અનેક જમા બાજુઓ પણ છે. તેના પર ધીરજ અને ખંતથી સાધકે ભાર મૂકીને તેને આગળ કરવાના છે. તેમાં સૌથી મહત્ત્વનું જમા પાસું છે કે ઊર્ધ્વ ભૂમિકાઓની શક્તિઓને આહવાન કરીને પોતાની અધોમુખ પ્રકૃતિમાં અવતરણ કરાવવું. પ્રથમ પગથિયું આ છે. સાધકે પોતાની અધોમુખ પ્રકૃતિ સંપૂર્ણ વિશુદ્ધ થાય પછી જ દિવ્ય શક્તિઓને બોલાવવી તે એક ભૂલભરેલી માન્યતા છે, કારણ કે આ પ્રકારના વલણમાં સાધક પોતાની વ્યક્તિગત શક્તિઓ ઉપર આધાર રાખીને અધોમુખ પ્રકૃતિને વિશુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરતો હોય છે. અધોમુખ પ્રકૃતિ પણ મૂળભૂત વૈશ્વિક અધોમુખ પ્રકૃતિનો જ સાધકમાંનો અંશ હોય, સાધક અજાણતા જ વૈશ્વિક શક્તિઓ સામે વ્યક્તિગત રીતે બથ ભીડતો થાય છે તેને કારણે સાધકને અનેક પ્રયત્નો છતાં પોતાની અધોમુખ પ્રકૃતિમાંથી છુટકારો મળતો નથી અને તે વિશુદ્ધ પણ થતી નથી. તેથી સાધનાના પ્રયત્નો વાંઝણા અને પ્રગતિ વિનાના લાગે છે.

ઊર્ધ્વ શક્તિઓનું અવતરણ અને પ્રકૃતિનું વિશુદ્ધિકરણ બન્ને પરસ્પર એકબીજા ઉપર અવિભાજ્યપણે આધારિત ક્રિયાઓ છે. જેમ જેમ ઊર્ધ્વ શક્તિઓનું અવતરણ સાધકમાં થતું જાય છે, તેમ તેમ સાધકમાંની અધોમુખ પ્રકૃતિ વધારે ને વધારે વિશુદ્ધ બનતી જાય. આ વિશુદ્ધિના વ્યાપને કારણે સાધકમાં ઊર્ધ્વ શક્તિઓના અવતરણ કરાવવાને માટે વધારે ક્ષમતાઓ પ્રગટ થવા માંડે છે અને સાધક આ કાર્યને વધારે ને વધારે પૂર્ણ દિશામાં લઈ જાય છે.

આ એકબીજા પર આધારિત સાધનાના તબક્કામાં સાધકે એક અનન્ય ધીરજ રાખવાની હોય છે, ખંતપૂર્વક મંડ્યા રહેવાનું હોય છે. સમયની પરવા કર્યા વગર સાધનાના આ તબક્કાને પાર કરવાનો હોય છે. આ તબક્કા દરમિયાન શ્રી

માતાજીના પ્રતીકમાંની ૧૨ પાંખડીઓમાંનાં સાતત્ય (Persevere) અને ધીરજ (Patience)નાં પાસાંઓ સાધકને ધ્યાનમાં આવે છે. આ બન્ને પાસાંઓ સાધકને ધ્યાનમાં આવતાં જ સાધક અનુભવે છે કે આ સાતત્ય અર્થાત્ ખંતપૂર્વક મંડ્યા રહેવું તે પણ શ્રીમાની જ શક્તિઓ છે અને તેથી સાધક વધુ ને વધુ વિનમ્રતા (humility) ધારણ કરતો જાય છે. પોતાના અંગત વ્યક્તિગત પ્રયત્નોની ક્ષુદ્રતાને સમજીને વૈશ્વિક શક્તિઓને પોતાનામાં બોલાવીને પોતાની પ્રકૃતિનું શુદ્ધિકરણ કરે છે.

આ તબક્કાનું આયોજન સાધનાના સર્વ સામાન્ય અને માન્ય વિકાસક્રમ તરીકે જ સાધક જોવે છે અને તે જાણે સાધનાનો એક સામાન્ય ક્રમ અનુભવે છે. આ દિવ્ય આયોજન પ્રભુની રમત અને લીલા લાગવા માંડે છે. સાધક સમયની પરવા કર્યા વગર સાધના પથ પર આગળ ધપતો જાય છે.

Each victory gained over oneself means new strength to gain more victories.

**- Sri Aurobindo**

The one thing quite indispensable is to persevere in the resolve to reach the goal.

**- The Mother**

---

(પાના ૬ ઉપરથી)

## માતૃવાણી

રૂપાંતર કરાવવા જ આપણામાં રાખેલી હોય છે.

આની સમજણ જ આપણને પ્રભુ મુશ્કેલીઓ દ્વારા આપે છે. આપણી ઘણી ચિંતાઓ આને કારણે ઘટી જાય છે.

શંકરાચાર્ય જેવા પ્રભુનું આવું વિચિત્ર આયોજન સમજી શકતા નથી, તેથી જગત વિષેનો સાચો વિચાર જણાવી શકતા નથી. આ જગતનો પ્રભુના સંકલ્પાનુસાર વહીવટ ચલાવવા, સાધક પોતાને સમર્પિત કરે છે; ત્યારે પણ સાધક પોતાનાં ચૈત્યપુરુષ દ્વારા પરિસ્થિતિને જોઈને તેમાંથી એક સંવાદમય ઉકેલ શોધી કાઢે છે અને તે ત્યારે સાચો જ હોય છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## વિરોધી બળોની કાર્ય - પદ્ધતિ

પ્રકરણ - ૧૭

(ખંડ-૨, પૃ.૮૧-૮૪) (તા.૯-૯-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** વિરોધી બળોનો ઉપયોગ સાધનામાં પ્રગતિ માટે કરી શકાય છે ? દા.ત. તાંત્રિકો કામવાસનાનો વીરભાવથી સાધના કરવા માટે ઉપયોગ કરે છે.

**શ્રી અરવિન્દ :** કામવાસના એક વૈશ્વિક - પ્રકૃતિની શક્તિ છે. તે પોતે સારી કે નરસી નથી પણ હેતુ મુજબ તે સારી કે નરસી બને છે. દા.ત. સાંસારિક જીવન પણ યોગી માટે નહીં. તેના બે કારણો છે : (૧) તે પ્રાણશક્તિનો ખૂબ જ ક્ષય કરે છે. પ્રાણશક્તિનો ક્ષય એ મૃત્યુ તરફની જ ગતિ છે. યોગમાં શક્તિ-સંચય કરવાનો હોય છે. બીજું, તે જાણતા-અજાણતા દેહભાવને મજબૂત કરે છે, જેને યોગમાં ક્ષીણ કરવાનો હોય છે. ત્રીજું, કામવાસના સાથેનો ઉશ્કેરાટ ચૈતસિક શક્તિઓને હણી નાખે છે. તે ક્ષણે તેનો તેની ચેતનાના ઉચ્ચતર કેન્દ્રો સાથેનો સંબંધ તોડી નાખે છે. ચોથું, તે વિરોધી-બળોને પોતાના સ્વરૂપમાં પ્રવેશવા માર્ગ કરી આપે છે.

**શિષ્ય :** શું પ્રકૃતિની નિમ્નતર ગતિઓ પોતે જ વિરોધી નથી ?

**શ્રી અરવિન્દ :** તે પોતે વિરોધી નથી પણ તે વિરોધી-બળો પ્રત્યે ખુલ્લી છે, તેથી વિરોધી-બળો તેનો ઉપયોગ કરી લે છે એ જ તકલીફ છે.

**શિષ્ય :** લગ્ન પછીના આ સંબંધો શું આવી અસરોને ઘટાડી નાખે છે ?

**શ્રી અરવિન્દ :** જરા પણ નહીં. તે સમાજ-વ્યવસ્થાનો ભાગ છે, યોગનો નહીં. પણ જેમની ચેતના માનવી-ચેતનાથી પર થઈ ગઈ છે તે કદાચ આવી ક્રિયાઓનો ઉપયોગ આધ્યાત્મિક હેતુ માટે કરી શકતા હશે.

**શિષ્ય :** તે વખતે સંભોગક્રિયા વખતનાં દેહભાવનું દૃઢ થવું, શક્તિ ક્ષય અને ઉશ્કેરાટનાં દુષ્પરિણામો તે કેવી રીતે નિવારી શકે છે ? શું તે વખતે ઉચ્ચતર ચેતનાના કેન્દ્રો સાથે વિચ્છેદ થતો નથી ?

**શ્રી અરવિન્દ :** ઉચ્ચતર શક્તિ તેમને પ્રસંગોપાત સ્વીકારી લે છે પણ તે યોગિક-

હેતુ માટે જ. યોગી એ સ્થિતિમાં વિરોધીબળો કેવી રીતે પોતાના સ્વરૂપમાં પ્રવેશે છે તે પ્રત્યક્ષ જાણી લે છે. બીજું, પોતાની પ્રકૃતિની નબળાઈઓ પણ તેના સ્પષ્ટ ધ્યાનમાં આવે છે. આ જ્ઞાનનો ઉપયોગ તે તેમાંથી મુક્તિ મેળવવા કરતો હોય છે. ઘણી વખત યોગીનું પતન તેની સાધનામાં માર્ગદર્શક બને છે.

તેને કારણે યોગી ઉચ્ચતર - શક્તિઓનો ઉપયોગ જીવનમાં કેવી રીતે કરવો તે પણ જાણી શકે છે અને તેવા કેન્દ્રો પ્રત્યે નવા દ્વારો પણ ખોલી શકે છે.

**શિષ્ય :** જીતાએલી નિમ્ન અથવા વિરોધી શક્તિઓનું રૂપાંતર મદદગાર તત્ત્વોમાં થાય છે ?

**શ્રી અરવિન્દ :** વિરોધીબળો નબળા પડે છે. તેઓનું પ્રકૃતિની નિમ્નગતિઓ ઉપરનું વર્ચસ્વ ભાંગી પડે છે. દા.ત. ક્રોધ એ નિમ્નગતિ છે, જેનો ઉપયોગ હાલમાં વિરોધી બળો કરે છે પણ તેને મુક્ત કરવામાં આવે તો તે દિવ્ય-હેતુ માટે વાપરી શકાય છે.

**શિષ્ય :** ક્રોધ કેવી રીતે દિવ્ય-કાર્ય કરે ?

**શ્રી અરવિન્દ :** પ્રહાર કરવામાં ભગવાન કાંઈ આનાકાની કરતા નથી. તેઓ સર્વગુણોથી અતીત રહીને કાર્ય કરે છે. દા.ત. વેદોમાં વિરોધી બળોરૂપી લૂંટારા (પણીઓ) પ્રકાશસ્વરૂપ ચેતનાનો કબજો લઈ તેને પોતાના અવચેતનના કાર્યમાં જોતરતા દર્શાવ્યા છે. અંધારી ગુફામાં છુપાવી રાખવી એ તેનું પ્રતીક છે. દિવ્ય-ચેતના અદિવ્ય-શક્તિઓ ઉપર હુમલો કરે છે. ઉચ્ચતર શક્તિ પોતાના આવિર્ભાવમાં વિરોધી બળોનો ઉપયોગ કરી જાણે છે.

**શિષ્ય :** ઉચ્ચતર શક્તિ પણ સાધકને અવતરણ કરતી વખતે ભાંગી નાખે જ છે શું તે વિરોધી બળો જેવું કાર્ય નથી ?

**શ્રી અરવિન્દ :** અયોગ્ય ઘડતરો અને ઘાટોને ભાંગવા જરૂરી છે. વિરોધી શકિંતઓ તો યોગ્ય - ઘડતરોને, ઘાટોને ભાંગી નાખે છે.

**શિષ્ય :** વિરોધી બળોનો હુમલો સાધકની ક્ષમતાનાં પ્રમાણમાં જ હોય છે ?

**શ્રી અરવિન્દ :** એવો નિયમ નથી. વિરોધી બળોને કારણે યોગભ્રષ્ટ થતા યોગીઓની પણ સંખ્યા ઓછી નથી.

**શિષ્ય :** શું ગુરુશિષ્ય માટે આવા વિરોધી હુમલાને ખાળી શકે છે ?

**શ્રી અરવિન્દ :** હા, ઉચ્ચતર શક્તિના નિર્ણય મુજબ ઘટના બને છે. ઘણી વખત ગુરુ પોતે જ સંરક્ષણ આપે છે. કોઈ વખત તેવી શક્તિ શિષ્યને પહોંચાડે છે જેથી શિષ્ય જાતે સંરક્ષણ કરી શકે.

# વેદનું રહસ્ય
- શ્રી અરવિન્દ

## માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ. ૬૯-૮૧)

પ્રકરણ -૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧. સૂક્તોમાં જ એટલા સ્પષ્ટ સૂચનો આપણને મળી રહેવાં જોઈએ કે જે આપણને તે (પ્રતીકોના) અર્થ પ્રત્યે દોરી જાય. પૃ. ૬૯
૨. દરેક દેવના માનસશાસ્ત્રીય ગુણધર્મોનો અર્થ શોધી કાઢવો જોઈએ. પૃ. ૬૯
૩. તે (સૂક્તો) સુસંગત રીતે... યજ્ઞવિધિને વ્યક્ત કરે છે અથવા સિદ્ધાંતને અને સતત થતી અનુભૂતિને વ્યક્ત કરે છે. પૃ. ૬૯
૪. અમે નિશ્ચિત કરેલો અર્થ દરેક સંદર્ભમાં સહેલાઈથી અને સ્વાભાવિક રીતે બંધબેસતો છે. પૃ. ૭૦
૫. મંત્રોનો ક્રમ તર્કયુક્ત લાગતો હોય... એક ગહન સુસંગત પ્રાચીન સિદ્ધાંતોના સમૂહને પ્રગટ કરતો હોય. પૃ. ૭૦
૬. યુરોપીય વિદ્વાનોએ જે પરિણામો તારવ્યા હતાં, તે મેં સ્વીકારી લીધાં... (તેથી) જીવંત આધ્યાત્મિક અનુભૂતિના ઈતિહાસ તરીકે મને તેની બહુ કિંમત લાગતી ન હતી. પૃ. ૭૧
૭. આપણા પૂર્વજો જે પ્રાચીન અને હવે જેનું અનુસરણ કરવામાં આવતું નથી તેવી યોગ-પદ્ધતિઓના માર્ગે કાર્ય કરતા હતા તે માર્ગે મારી યોગસાધના વળી. તે સમય દરમિયાન કેટલી માનસશાસ્ત્રીય અનુભૂતિઓને આપવામાં આવેલા પ્રતીકમય નામોની ગોઠવણી મારા મગજમાં ઉદ્‌ભવ પામી હતી. પૃ. ૭૧
૮. ભૌતિક-પ્રકાશ આંતર-પ્રકાશનું રૂપક છે. પૃ. ૭૧
૯. સરમા... વીજળી પેઠે બહાર ચમકાવતી આંતરસ્ફુરણા છે. પૃ. ૭૧
૧૦. ભારતમાં એક પ્રકારની ભૌતિક તથા સાંસ્કૃતિક એકતા વિદ્યમાન છે. પૃ.

૭૨

૧૧. મને આર્યભાષાઓનું ઉત્પત્તિશાસ્ત્ર અને તેના સાચા નિયમો પ્રાપ્ત થયા. ભિન્ન ભિન્ન ભાષાઓ એક ખોવાઈ ગયેલી લુપ્ત થયેલી મૂળ ભાષામાંથી ઉતરી આવી હોવી જોઈએ. પૃ. ૭૩

૧૨. મૂળ વેદ-સંહિતાનું અધ્યયન બે હેતુઓથી શરૂ કર્યું. પૃ. ૭૩

૧૩. આ (માનસશાસ્ત્રીય અર્થ) તત્ત્વનું મહત્ત્વ મારી દૃષ્ટિમાં ખૂબ વધી ગયું, તેના બે કારણો હતાં. પૃ. ૭૪

૧૪. વેદના ઘણા સામાન્ય પ્રચલિત શબ્દોનો સ્વાભાવિક માનસશાસ્ત્રીય અર્થ... (કાઢી શક્યો કારણ) સાયણ ભાષ્યથી હું અજ્ઞાત હતો. તે હકીકતે મને મદદ કરી. દા.ત. (૧) મનસ = વિવિધ સંગતિ વગરનાં વિચારપ્રધાન મન, (૨) મતિ = નિશ્ચિત વિચારપ્રધાન મન, (૩) મનીષા = ધ્યેયપ્રધાન મન, (૪) મનીષી = ધ્યેયવાદી વિચારક, (૫) ઋતમ્ = બીજસ્વરૂપ સત્ય, (૬) દૃષ્ટા = અનુભૂતિ અનુભવનાર, (૭) વિપ્ર = (વિપશ્ચિતઃ) = પ્રકાશપ્રધાન મનવાળો, (વિશેષરૂપેણ પ્રકાશિતઃ મનઃ), (૮) દક્ષ = એકાગ્ર મનવાળો, (૯) શ્રવમ્ = ઊર્ધ્વ શક્તિનું અવતરણ, (૧૦) ઘીઃ = સમજણ, (૧૧) રાય = આધ્યાત્મિક સુખશાંતિ, (૧૨) રયિ = આંતરિક સમૃદ્ધિ, (૧૩) વાજ = આંતરિક પોષણ, ઉત્સાહ, (૧૪) બલિ = સમર્પણભાવ, યજ્ઞ - પ્રભુને સમર્પિત આંતર અને બાહ્ય કર્મો. પૃ. ૭૪-૭૬

૧૫. સમગ્ર વેદમાં આપણા વ્યક્તિત્વનાં તત્ત્વોને સતત મૂર્તિમંત કરવામાં આવ્યાં છે. પૃ. ૭૭

૧૬. અગ્નિ માનવમાં રહેલી દિવ્ય-સંકલ્પશક્તિનું... પ્રતીક છે. (પુરોહિત = દોરવા માટે અગ્રભાગે રાખેલો) પૃ. ૭૭

૧૭. યજ્ઞ કર્મ કરનારા હોતા, ઋત્વિજ, પુરોહિત, બ્રહ્મા, અધ્વર્યુ વગેરે પણ હોય છે. (પુરોહિત = આંતરિક યજ્ઞ પ્રક્રિયા શરૂ કરાવનાર, હોતા = સમર્પણભાવયુક્ત યજ્ઞ કરનાર ચૈત્યપુરુષ, ઋત્વિજ = ઊર્ધ્વ સત્યોને (ઋતમ્) ચિત્તમાં જન્મ આપનાર ચૈત્યપુરુષ, બ્રહ્મા = વિશાળ ચેતનાને ધારણ કરનાર ચૈત્યપુરુષ, અધ્વર્યુ = ચેતનાને ઊર્ધ્વકક્ષાએ વિકાસ કરાવનાર ચૈત્યપુરુષ પૃ. ૭૮

**૧૮. ધૃત હંમેશા વિચાર કે મનના સંબંધમાં વપરાયું છે. (શ્રદ્ધા) મન સ્વર્ગનું પ્રતીક છે. ઈન્દ્રનો અર્થ થાય છે પ્રકાશમય મન. (આધાર = ઘૃતં ન પૂતં ધિષણામ્ (૩-૨-૧). શ્રદ્ધામય બુદ્ધિરૂપી ધૃત અમને પવિત્ર કરો). અહીં બુદ્ધિનો અર્થ નિશ્ચિત સ્વરૂપની શ્રદ્ધા એમ લેવાનો છે. જેમ દૂધનું સારતત્ત્વ, સત્ત્વ ઘી છે તેમ મનનું સારતત્ત્વ શ્રદ્ધા છે.) પૃ. ૭૮**

**૧૯. ગાયો અને ઘોડાઓની સમૃદ્ધિ, જે માનસિક પ્રકાશ અને પ્રાણિક શક્તિની વિપુલતા, સમૃદ્ધિનાં સૂચક રૂપકો છે. પૃ. ૭૯**

**૨૦. ભૂ, ભુવઃ, સ્વઃ પરથી મને લોકોના રૂપકની ચાવી મળી. પૃ. ૭૯**

**૨૧. આ સાત લોકોની બંને (વૈદિક, પૌરાણિક) પદ્ધતિઓ એક જ છે અને તે ચેતનાનાં સાત તત્ત્વો અને લોકો નિર્માણ કરે છે. પૃ. ૮૦**

**૨૨. રોદસી (સ્વર્ગ અને પૃથ્વીલોક) અર્થાત્ મન અને શરીરની ઉપર આરોહણ કરીને સત્યની અનંતતામાં, મહસ્‌માં... સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રાચીન ઋષિઓએ આ મહાન માર્ગ શોધી કાઢ્યો છે. પૃ. ૮૦**

**૨૩. દેવોને પ્રકાશના પુત્રો, અદિતિના - અનંતતાના પુત્રો તરીકે વર્ણવવામાં આવ્યાં છે... તેમનાં સૂચનો ઉપરથી કોઈક વખત ગ્રીક પુરાણશાસ્ત્રના આડપ્રકાશમાંથી હું તે દેવોનાં ભિન્નભિન્ન કાર્યો નક્કી કરી શક્યો. દૈત્યો હંમેશા ભેદ અને મર્યાદાની શક્તિઓ છે. આવરણ કરનાર છે. દ્વૈત પેદા કરનાર છે. (દિતિના પુત્રો) પૃ. ૮૦**

**૨૪. ઋગ્વેદનો આ કલ્યાણ અને પાપમયતા વચ્ચેનો સંઘર્ષ ઝોરોએસ્ટરના (પારસી) શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. પૃ. ૮૧**

**૨૫. કેટલાંક કથાનકોનું મૂળ મોટે ભાગે પ્રાકૃતિક અને ખગોળશાસ્ત્રીય હતું. પૃ. ૮૧**

**૨૬. આ રીતે, પ્રાચીન મંત્રોમાંથી વેદ, મારી સમક્ષ જાતે જ પ્રગટ થયો. પૃ. ૮૧**

સૂક્તોની ભાષામાંના પ્રતીકનાં માનસશાસ્ત્રીય અર્થો લેવા હોય તો પ્રથમ તો નીચેની શરતો પૂરી થવી જોઈએ :

૧. સૂક્તોમાંથી ક્યાંક ક્યાંક માનસશાસ્ત્રીય અર્થ પ્રગટ થયેલાં દાખલા મળવા જરૂરી છે.

૨. તે માનસશાસ્ત્રીય અર્થ આપણો કલ્પનાવિલાસ કે પૂર્વગ્રહ નથી તેની

ખાતરી કરવી જોઇએ, નહિ તો વેદોનું સત્ય હાથમાંથી છટકી જશે.

૩. જે પ્રતીકાત્મક માનસશાસ્ત્રીય અર્થ લીધો હોય તે અન્યત્ર બધે સ્થળે તે અર્થમાં લેતા સૂક્તનો સહજ અર્થ નીકળવો જોઇએ.

૪. તેવા શબ્દો વાપરતા સૂક્ત સમૂહોમાં એક નૈસર્ગિક વિકાસક્રમ અને સળંગતા દેખાવી જોઇએ.

૫. સૂક્તોની ભાષા ઋષિએ લખેલા સ્વરૂપમાં જ આપણને વેદપાઠની પરંપરાથી પ્રાપ્ત થયેલી હોવાથી તે યથાવત્ અને મૂળસ્વરૂપે ટકી રહેલી છે. એ જે સહજ શ્રદ્ધા છે તેને આવા અર્થઘટનો કરતી વખતે કોઇ પણ પ્રકારનો બાધ આવવો ન જોઇએ. પોતાનો જ આગ્રહ સાચો દર્શાવવા તે પ્રક્ષિપ્ત છે અથવા તેમાં સુધારા-વધારા પાછળથી કરવામાં આવ્યા છે, આવો લૂલો બચાવ ન કરવો જોઇએ.

૬. સૂક્તોનો અર્થ બાહ્યતઃ યજ્ઞવિધિ પરક અને આંતરિક રીતે માનસશાસ્ત્રીય હોવો જોઇએ, કારણ તેવી જ આપણી વેદપરંપરા છે. આંતરિક અર્થ માનસશાસ્ત્રીય અનુભૂતિઓ પ્રગટ કરે છે એવી આપણી માન્યતા છે, જે સાચી જ છે.

૭. આપણા દિલમાં સૂક્તના મૂળ ઋષિ જેટલી જ દિલની સચ્ચાઇ હોવી જોઇએ. વિદ્વત્તા ખાતર નહિ, પ્રતિષ્ઠા ખાતર નહિ, પણ સત્યની સંન્નિષ્ઠ અભિવ્યક્તિને જ પ્રાધાન્ય આપવું જોઇએ.

૮. વેદો દ્વારા એક સાચી આધ્યાત્મિક સમજણ આપવામાં આવી છે એ વસ્તુ પુરવાર થવી જોઇએ, કારણ આપણી મૂળ પરંપરા તેવી શ્રદ્ધા ધરાવે છે.

આ રીતે કાળજી રાખીને જે માનસશાસ્ત્રીય અર્થો પ્રતીકોના નીકળે તે વેદોમાં રસ ધરાવતા લોકોને આંગળી ચીંધનારા જ બની રહેશે; એ જ આ પ્રકરણનો ન્યૂનતમ હેતુ છે. (ક્રમશઃ)


## કેન્દ્રનું નૂતન પ્રકાશન

**શ્રી અરવિન્દ : આત્મકથન**

પૃ.૨૭૨, હાર્ડ બાઉન્ડ, કિંમત : ૨૨૫/- લેખક : માનસિંહ ચાવડા

પ્રાપ્તિ સ્થાન : **મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટ**

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિ સમાજ પૃ. ૨૯-૩૪)

## એક નૂતન સમાજનું ઘડતર

**અવતરણો - પ્રકરણ - ૪**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧ ક્રમે ક્રમે વર્ધમાન એવી વિશ્વવ્યાપી સંવાદિતાનું આગમન સાધવું એ આપણો સામાન્ય ઉદ્દેશ છે..... બીજા શબ્દોમાં..... આપણા સર્વની અંદર રહેલા પ્રભુના સામ્રાજ્યની સ્થાપના કરીને એકતાનું સર્જન કરવું. પૃ.૨૯**

**૨ સૌથી ઉપયોગી કાર્ય આ છે : (૧) વ્યક્તિગત રૂપે દરેક જણે દિવ્ય સંન્નિધિ વિષે..... ભગવાનની ઉપસ્થિતિ વિષે પોતાની અંદર સચેતન થવું અને તેની સાથે પોતાનું તાદામ્ય સાધવું. (૨) વિશ્વ-શક્તિનાં જે સ્રોતો અપ્રગટ છે તેમાંના એક કે વધારેની સાથે પૃથ્વીનો સંબંધ સ્થાપન કરવો. (૩) જગતની આધુનિક મનોદશાને અનુરૂપ એવા નવા રૂપોમાં શબ્દબ્રહ્મનો ફરી ઉચ્ચાર કરવો..... એ ઉચ્ચાર માનવના જ્ઞાન સમસ્તનો સમન્વય હશે. (૪) પ્રભુનાં દિવ્ય સંતાનોની જાતિના વિકાસ માટે એક આદર્શ સમાજની સ્થાપના કરવી. પૃ.૩૦**

**૩ પૃથ્વી ઉપર આ રૂપાંતર અને સંવાદિતા બે પ્રક્રિયાઓ વડે સાધી શકાય છે : (૧) વ્યક્તિગત રૂપાંતર અર્થાત્ ભગવાનની સાથે સંપૂર્ણ અદ્વૈત પ્રત્યે દોરી જનાર આંતિરક વિકાસ (૨) સામાજિક રૂપાંતર અર્થાત્ વ્યક્તિના વિકાસ અને સંવર્ધનને અનુકૂળ પરિસ્થિતિની સ્થાપના.**

(૪) એ (બન્ને પ્રક્રિયાઓ) કાર્યશ્રમના વિભાગ દ્વારા જ થઈ શકે અને તેમ કરવા માટે વિવિધ જૂથોની શક્ય હોય તો ચડતી-ઉતરતી શ્રેણીબદ્ધ રચના, આવશ્યક બને છે. પૃ.૩૦

(૫) પ્રત્યેક જૂથના સભ્યોનું કામ ત્રણ પ્રકારનું હોવું જોઈએ : (૧) સિદ્ધ કરવાના આદર્શનો પોતાનામાં સાક્ષાત્કાર કરવો (અર્થાત્) પરમ તત્ત્વ પોતાના સર્વ ગુણો, ધર્મો તથા સ્વરૂપોનો પ્રથમ આવિર્ભાવ કરનાર છે તેના આ પૃથ્વી ઉપર સંપૂર્ણ પ્રતિનિધિ બનવું. (૨) આ આદર્શોને વાણી વડે..... (પોતાના) ઉદાહરણ દ્વારા ઉપદેશ કરવો. (૩) એક-દૃષ્ટાંતરૂપ સમાજની સ્થાપના કરવી. પૃ.૩૧

(૬) પ્રત્યેક વ્યક્તિએ પણ બે પ્રકારનું કાર્ય કરવાનું છે : (૧) આંતરવિકાસ, દિવ્યજ્યોતિ સાથે ક્રમે ક્રમે વર્ધમાન એવા અદ્વૈતની સાધના..... જેથી વિશ્વજીવનના..... પ્રવાહ સાથે સંવાદમાં રહી શકાય (૨) કોઈ બાહ્ય કર્મ, જે પ્રત્યેક વ્યક્તિએ પોતાની શક્તિઓ અને અંગત રુચિઓ પ્રમાણે કરવાનું રહેશે. પૃ.૩૧

(૭) પૃથ્વી ઉપર ક્યાંક એવું સ્થળ હોવું જોઈએ જેના ઉપર કોઈ પણ રાષ્ટ્ર પોતાની માલિકીનો દાવો ન કરે..... એ સ્થળે..... આત્માની જરૂરિયાતોને પ્રગતિ માટેની આતુરતાને પ્રથમ સ્થાન આપવામાં આવશે..... આ સ્થળે માણસો કામ કરશે તે જીવનનિર્વાહ મેળવવા નહિ પણ પોતાની જાતને વ્યક્ત કરવા, પોતાની શક્તિઓ અને શક્યતાને ખીલવવા..... પૃ.૩૪

(૮) પ્રભુના સંદેશવાહકો અને અમૃતત્વના શિલ્પશાસ્ત્રીઓ જેવા એ બાળકોને મેં એક યુગનાં પરોઢમાં આવતાં નિહાળ્યાં. પૃ.૩૪

## આધ્યાત્મિક સમાજ માટે મૂળભૂત જરૂરિયાત

આધ્યાત્મિક સમાજની રચના એટલે વધતી જતી વૈશ્વિક સંવાદિતાનું આગમન, કારણ તેમાં દરેક નાગરિક સમગ્ર વિશ્વ સાથે સંવાદિતામાં જ રહેતો હોય છે. આવી સંવાદિતા રચવા માટે બે મૂળભૂત ઉપાયો કરવા પડે છે : (૧) બધાંમાં

રહેલ આંતરિક દિવ્યતા બાબત બધાંને જાણતા કરવા અને સભાન બનાવવાં. (૨) આ દિવ્યતાનો ભૌતિક-જીવન દ્વારા પૂરેપૂરો આવિર્ભાવ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું. આવા ભૌતિક-જીવનમાં જીવનનાં બધાં જ પાસાં આવરી લેવામાં આવે છે.

સારાંશ, આપણા બધાંમાં રહેલ પ્રભુનું સામ્રાજ્ય આ ભૂતળે નિર્માણ કરવું.

**વધારે સહાયક કાર્યો**

આ માટે નીચેનાં કાર્યો સહુથી વધારે ઉપયોગી નીવડે છે અને તેની સર્જન પ્રક્રિયાને વેગ આપશે :

(૧) દરેકે દિવ્યસંન્નિધિ વિષે - પ્રભુની હાજરી બાબતમાં પોતે આંતરિક રીતે સભાન બનવું અને તે દિવ્યસંન્નિધિ સાથે એકરૂપ થઈ રહેવું અર્થાત્ તે જ પોતાનું સાચું સ્વરૂપ છે એવી સતત ભાવના કેળવવી.

(૨) હજી સુધી અંતકરણમાં ચેતનાની જે અવસ્થાઓ પ્રકટ જ થઈ નથી તેમને અભ્યાસની પ્રકટ કરવા પ્રયત્નશીલ રહેવું. આ ચેતનાની અવસ્થા જ વૈશ્વિક સ્તરે વિશ્વશક્તિઓનાં સ્રોતોને પ્રકટ કરી ભૌતિક જીવન ઉપર કાર્ય કરે એવા પ્રયત્નો કરવા.

(૩) પરમ - ચેતના અર્થાત્ બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિ માટે આજની આધુનિક મનોદશા અનુસાર શબ્દ પ્રયોગો કરી તે બાબત સમજાવવાનો પ્રયત્ન કરવો, તેથી સમગ્ર વિશ્વમાં એક સમાન સ્વરૂપનું જ્ઞાન પ્રકટ થશે અને વૈશ્વિક વિનિમયમાં સહજતા આવશે.

(૪) પૃથ્વી ઉપર કોઈ સુયોગ્ય સ્થળે પ્રભુના દિવ્ય-સંતાનોની જાતિ સુખરૂપ અને વિના અવરોધે વિકસે તેવો અનુરૂપ સમાજ રચવો (શ્રી અરવિન્દ આશ્રમ, ઑરોવિલ આવા પ્રયોગો છે)

**સંવાદિતાની બે પ્રક્રિયાઓ**

સંવાદિતા સાધવી એ રૂપાંતર કરવા જેવું જ છે. કારણ હાલની સ્થિતિ વિસંવાદથી ભરપૂર છે. આવી સંવાદિતા બે પ્રકારની પ્રક્રિયાઓથી સાધી શકાય છે. આ બન્ને પ્રક્રિયા એકબીજાની વિરોધી લાગે છે પણ ખરેખર તે પૂરક છે કારણ આજના માહોલમાં વ્યક્તિ અને સમાજ બન્નેનાં હિતો જાણે ટકરાતા લાગે છે (કમ્યુનિસ્ટો એવું માને છે) પણ ખરેખર એકનો સાચી દિશામાંનો વિકાસ બીજાને

પણ વિકાસ સાધવા મદદરૂપ જ થાય છે. કારણ વ્યક્તિ અને સમાજ પરસ્પર વિરોધી નથી પણ એક જ ચેતનાની બે સ્તરની અભિવ્યક્તિઓ છે. તેથી બન્ને મૂળભૂત રીતે તો એકરૂપ જ છે. તે પ્રક્રિયાઓ નીચે મુજબની છે :

(૧) **વ્યક્ગિત રૂપાંતર :** પ્રભુ પ્રત્યે સંપૂર્ણ એકરૂપતા તરફ લઇ જતો આંતરિક વિકાસ

(૨) **સામાજિક રૂપાંતર :** વ્યક્તિના રૂપાંતર માટે અનુરૂપ, અનુકૂળ, પોષક વાતાવરણ અને પરિસ્થિતિની સ્થાપના કરવી. વ્યક્તિ રૂપાંતરિત થશે તો જ સમાજ પણ રૂપાંતરિત થવાનો છે.

**સામાજિક રૂપાંતર**

વ્યક્તિ અને પરિસ્થિતિ એકબીજા ઉપર પરિણામ કરતાં હોય છે. વ્યક્તિ પરિસ્થિતિને બદલે છે અને પરિસ્થિતિ વ્યક્તિને. આ આપસી પરિણામ વ્યક્તિની પ્રગતિ કરાવે તો પરિસ્થિતિનું પણ મૂલ્ય વધી જશે. પતન કરાવે તો પરિસ્થિતિ નિર્માણ કરનાર સમાજનું મૂલ્ય પણ ઘટતું હોય છે. તેથી વ્યક્તિ અને સમાજનાં મૂલ્યો પરસ્પર ઉપર આધાર રાખે છે.

સમાજે શ્રમવિભાજન કરવું જરૂરી હોય છે. તે માટે દરેક કામ માટે અલગ જૂથ રચવો અને આવા જૂથોનાં કાર્યના મહત્ત્વાનુસાર ચડતી-ઉતરતી શ્રેણીઓ રચવી જરૂરી બને છે. આવા કાર્યો ઘણા પ્રકારનાં હોય છે :

(૧) પ્રભુનાં વધારેમાં વધારે ગુણો, સ્વરૂપો સ્વભાવોને પોતામાં ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રભુના પ્રતિનિધિ તરીકે કાર્ય કરવું અને નમૂનારૂપ, ઉદાહરણરૂપ બની રહેવું. લોકો સામે દિવ્ય-આદર્શને મૂર્તિમંત કરવો.

(૨) આ આદર્શને વાણી વડે લોકોને સમજાવવો, તે માટે ઉપરની વ્યક્તિઓના ઉદાહરણો આપી લોકોમાં શ્રદ્ધા અને ઉત્સાહ નિર્માણ કરવો અને આધ્યાત્મિક - સમાજ રચવા તૈયાર માનવોને શોધી કાઢવા અને તેમને તેમ કરવા પ્રેરવા. સારાંશ, આ કાર્ય કરનારા પ્રભુના સંદેશવાહકો બની જાય છે.

(૩) વિદ્યમાન સમાજને આધ્યાત્મિક - સમાજની રચના થાય માટે પુનર્ઘટન કરવું અથવા નવો જ સમાજ રચવો. પુનર્ઘટન એ સુધારારૂપ બની જાય છે. સારાંશ, આવા સામાજિક કાર્ય કરવા કાર્યકર્તાઓનું જૂથ તૈયાર કરવું.

## વ્યક્તિગત રૂપાંતર

પ્રત્યેક વ્યક્તિએ પણ વ્યક્તિગત કક્ષાએ બે કામો કરવાનાં હોય છે. તે એકી સાથે કરવા જરૂરી છે. કારણ તે બન્ને કાર્યો એકબીજાને પોષક છે અને એકબીજાના પૂરક પણ છે.

(૧) વ્યક્તિગત આંતરવિકાસ કરવાનો રહે છે. આ વિકાસ આંતરિક દિવ્ય જ્યોત સાથે ક્રમે ક્રમે વધતી એકરૂપતા સ્વરૂપ હોય છે. તે જ્યોત પોતાનું જ નિજસ્વરૂપ છે એવો ભાવ સતત રાખવો પડે છે. આ રીતે આ અદ્વૈત સાધના બની જાય છે.

(૨) ઉપરના આંતર-વિકાસ સાથે જ દરેકે એવું એક બાહ્ય કાર્ય શોધી કાઢવાનું હોય છે જે તેની ક્ષમતાઓ અને શક્તિને અનુરૂપ હોય અને તેની અંગત રુચિને પણ અનુરૂપ હોય. તે કાર્ય પોતાની નિજ-ક્ષમતાઓ ઉપર આધારિત હોવાથી તે કાર્ય તે વ્યક્તિનાં સમૂહમાં કોઈ પણ તેના જેવી જ રીતે કરી શકશે નહિ. કારણ દરેક વ્યક્તિ અસામાન્ય જ છે અને ખાસ વિશિષ્ટતા ધરાવતી હોય છે તેથી તેમાં સ્પર્ધાભાવ નહિ આવે અને તે વ્યક્તિ તે સમૂહમાં સહેજ રીતે ગોઠવાઈ જશે. સંગીતવાદ્યાવૃંદનો દરેક વાદકને ખાસ મહત્ત્વ હોય છે તેવી આ સહજ ઘટના બની જશે. આને કારણે તેનું કાર્ય સમૂહમાં વિસંવાદનું કારણ નહિ બને.

---

(પાના ૩ ઉપરથી)

## પ્રભુનો નિર્ધાર

માતાજીને આ પ્રકાશનો પ્રવાહ જે ખરેખર પ્રાણ-શક્તિનો જ પ્રવાહ છે તેનો અનુભવ આવે છે. દરેક યોગચક્ર આને કારણે વિશેષ સ્વરૂપની ચેતના ધારણ કરતો થાય છે. આમ, નવ યોગચક્રની નવ ચેતના છે, જેને તંત્રમાં નવદુર્ગા કહે છે. શરીરરૂપી દુર્ગમાં સુરક્ષિત રહેનારી ચેતના તે દુર્ગા. દુર્ગ એટલે કિલ્લો.

માતાજીને ઉપર ચડતી ચેતના અંતે સૂર્યરૂપે સમગ્ર પૃથ્વી ઉપર વિવિધ પ્રકાશરંગોના સ્ફુલિંગરૂપે વરસતી અને સુવર્ણ પ્રકાશમય બની જતી અનુભવાય છે. આ દર્શાવે છે કે વિવિધ તત્ત્વોના વિવિધ રંગી પ્રકાશો એ અંતે તો અતિમનસ પ્રકાશનાં જ વિવિધ કક્ષાનાં સ્વરૂપો માત્ર છે અથવા આવિર્ભાવો માત્ર છે. માતાજીને અવતરણ પામી શરીરમાં સભાન થતી ચેતના નવ તબક્કામાંથી પસાર થઈ એ ખૂબ જ સૂચક વસ્તુ છે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## સાચા પ્રેમને કેવી રીતે ઓળખવો ?

પ્રકરણ - ૧૬

(Lights for students - P. 96-100)

૧ સદ્ભાવના એટલે પ્રેમ નહીં. સદ્ભાવના ફક્ત નિષ્ક્રિય પસંદગી હોય છે. તે અહંકારનું કાર્ય હોય છે. પૃ.૯૬

૨ જેમાં કોઈ અપેક્ષા રાખવામાં આવે છે તે સાચો પ્રેમ નથી. તે પ્રાણમય આસક્તિ હોય છે. પૃ.૯૬

૩ સાચો પ્રેમ કરાય છે કારણ તે વગર રહી શકાતું નથી. તે આત્માની માંગણી હોય છે. પૃ.૯૬

૪ ચૈત્યપુરુષની આંતરિક એકતા અથવા સમગ્ર સમર્પણનો ભાવ જ સાચો પ્રેમ રચે છે. પૃ.૯૭

૫ પ્રભુ પ્રત્યેના પ્રેમમાં માનવીય તત્ત્વો પણ શરૂઆતમાં દાખલ થએલાં હોય છે. પૃ.૯૭

૬ દિવ્યપ્રેમમાં ચૈતસિક અને આધ્યાત્મિક બન્ને પાસાં હોય છે. ચૈતસિક પાસું સમર્પણ અહોભાવ ઉપર ભાર મૂકે છે. આધ્યાત્મિક પાસું એકરૂપતા ઉપર વધારે ભાર મૂકે છે. પ્રથમમાં ભક્તિ તત્ત્વ છે. બીજામાં જ્ઞાનનું તત્ત્વ છે. પૃ.૯૭

૭ મન, પ્રાણ, શરીર આ ચૈતસિક અને આધ્યાત્મિક પ્રેમને અનુરૂપ થાય, તેના શુદ્ધ માધ્યમ બને ત્યારે તેઓ સાચો પ્રેમ પ્રગટ કરી શકે છે. પૃ.૯૭

૮ પ્રેમ તત્ત્વ ફક્ત માનવોમાં જ નથી તે બધામાં છે, ફૂલોમાં પણ. તેઓ સૂર્યપ્રકાશ ઉપર પ્રેમ કરે છે. પૃ.૯૮

૯ સમીસાંજે સૂર્યાસ્ત પછી તરત શાંત ધ્યાનમાં ઉતરી જશો તો તમને સમગ્ર સૃષ્ટિ અને પૃથ્વીની સૂર્યપ્રકાશની ઝંખના તમે અનુભવી શકશો. પૃ.૯૮

૧૦ પ્રેમ સનાતન અને વૈશ્વિક તત્ત્વ છે. તે બધા મારફત પ્રગટ થાય છે એટલું જ. પૃ.૯૮

૧૧ પ્રેમ એક દૈવી-શક્તિ છે તે એકરૂપતામાં પરિણમે છે. પૃ.૯૮

૧૨ દિવ્ય-પ્રેમમાં કોઈ આસક્તિ નથી. તેમાં આત્મા પ્રભુને ઝંખતો હોય છે. પૃ.૯૮

૧૩ માનવી-પ્રેમમાં પણ પ્રથમ પોતાને ભૂલી જવાની, પોતાથી ઉપર ઊઠવાનાં લક્ષણો હોય જ છે. પૃ.૯૯

૧૪ સાચો પ્રેમ સામાવાળાની ત્રુટીઓ જોતો નથી. પૃ.૯૯

૧૫ પ્રેમ એક દૈવી-તત્ત્વ છે. પૃ.૧૦૦

---

(પાના ૩૯ ઉપરથી) **અતિમાનવચેતનાનું અવતરણ**

૪ જ્યાં સુધી જગત નવા જગતના નવસર્જનની પ્રક્રિયાને સ્વીકારશે નહિ ત્યાં સુધી અંધાધૂંધી અને આપત્તિઓ ચાલુ રહેશે. પૃ.૮૮

૫ પૃથ્વી ઉપર ‘મહાન ફેરફાર’ થઇ રહ્યો છે. આ ફેરફાર નવી જાતિના આવિર્ભાવ સ્વરૂપનો છે. તે ‘નવી ચેતનાને’ સ્વીકારી તમે તેમાં મદદરૂપ થઈ શકો છો. પૃ.૮૮

૬ આપણે કાંઈ જાણતા નથી એવી નમ્રતા ધારણ કરો. પૃ.૮૯

૭ નવીન ચેતના પ્રત્યે ખુલ્લા થાઓ. તે માટે આંતરિક એકાગ્રતા કરો. મનને નીરવ રાખો એ જ આપણી મદદ છે. પૃ.૮૯

૮ નવીન ચેતનાને મુક્ત રીતે કાર્ય કરવા માટે ગ્રહણશીલ બનો અને નમનીય બનો. ઋત્-ચેતનાને સ્થાપન થવા દો. પૃ.૮૯

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૩૯-૧૪૪)

અવતરણો પ્રકરણ - ૨૧

## શરીરની ચેતના દ્વારા રોગ - નિવારણ

સમજૂતી - માનસિંહ ચાવડા

1 The human body has always been in the habit of answering to whatever forces choose to lay hands on it and illness is the price it pays for its inertia and ignorance. It has to learn to answer to the one force alone (Divine Force). P.139

2 What should one do..... to change his bodily consciousness..... concentrate upon the end to be realised and excerise his will - power or - trust in the Divine Power to bring about the..... result ? All these are so many ways of doing the same thing. P.141

3 (Success) depends on the consciousness you have developed and the character of the forces. P.141

4 (Infact) Your inner formation slowly bring about the outward change..... if you have the skill to handle it, you can call it down and apply it in the parts. P141

5 You can present your difficulty to the Divine and ask of it the cure. P.141

6 You must leave the result in the hands of the Divine..... if the result comes, it is the Divine Power and not yours that brings it..... there is no more hermit in turning to the Divine for removal of a physical imperfection. P.141

7 The very intensity of your faith may mean that the Divine has already chosen that the thing it points to shall be done. P.142

8 It is always an intervention of the vibration of harmony in the vibration of disorder that causes the disorder to cease. P.142

9 A state of Grace is prepared in the individual often behind thick veils...... the Grace itself acts. There are these three powers. (1) The cosmic Law of Karma (2) The Divine Compassion acting - through the nets of the law (3) The Divine Grace which acts more incalculably. P.143

10 If one wants the Divine quickly, absoluetly, entirely..... making that..... with which nothing else must interfere. P.143
11 If one does not recognise the Grace, how can it work ? ..... of Course (inspite of this) it can work from below under heath so to speak. P.144
12 If one recognises the Grace and expresses gratitude, it acts more quickly.P144
13 Grace does not work according to human standards or demands It has its own law and its own way. P.144
14 A great blow or calamity at the present moment may turn out to be a great blessing. P.144

આપણું શરીર આસપાસની બધી જ વિશ્વશક્તિઓનાં પ્રવાહ અને આંદોલનોને સ્વીકારવાની ટેવ ધરાવે છે. તેમાં ગજબની ધારણા-શક્તિ છે, તેથી જ તેને 'ધરતી' 'ધરણી' અથવા 'ધરા' કહે છે. પણ વિશ્વશક્તિઓનો આપસી સંઘર્ષ શરીરમાં પણ રોગ, તાણ, નિર્માણ કરે છે. માંદગી એ અજ્ઞાનવશ બધી જ શક્તિઓને સ્વીકારવાનું પરિણામ છે. શરીરને યોગમાં પ્રભુની શક્તિ સિવાય અન્ય શક્તિઓ પ્રત્યે વિવેકબુદ્ધિથી સ્વીકારવાની તાલીમ આપવામાં આવે છે.

તો શરીરની ચેતનાને બદલવા શું કરવું જોઈએ ? શું રોગનિવારણ વગેરે ધ્યેયો ઉપર વિશ્વાસપૂર્ણ એકાગ્રતા કરવી જોઈએ અને તેમાં આપણી સંકલ્પશક્તિને પ્રયોજવી જોઈએ કે દિવ્ય-શક્તિ બધું જ કરી આપશે તેવો વિશ્વાસ રાખી સમર્પણભાવ સાથે શાંતિ ધારણ કરવી જોઈએ ? માતાજી જણાવે છે કે આ બધી પદ્ધતિઓ આખરે એક જ સત્યને પ્રાપ્ત કરવાની વિવિધ પદ્ધતિઓ માત્ર છે. વ્યક્તિની પ્રકૃતિ જે રીતે ઘડાએલી હશે અને જે પદ્ધતિમાં તેનો વિશ્વાસ હશે તથા તેની ક્ષમતા જે શક્તિઓને આકર્ષી લાવે છે તેના પ્રકાર અને સ્વરૂપ ઉપર જ પરિણામનો આધાર રહે છે. ધ્યેય ઉપર એકાગ્રતા કરવાથી ત્યાં એક મનોમય ઘડતર રચાય છે, જે તમારા ધ્યેયને અનુરૂપ હોય છે. તેમાં મનોમય, પ્રાણમય શક્તિઓનું સિંચન તે વ્યક્તિએ કરેલું હોય છે. તે ઘડતરને સંકલ્પ બળે તમે તમારા શરીરમાંના રોગની જગ્યામાં નીચે અવતરણ કરાવીને લાવી શકો તો તે વાદળીની જેમ તેમાંની મનોમય, પ્રાણમય શક્તિઓને ત્યાં ઠલવે છે, જે રોગ-નિવારણ માટે કાર્ય કરે છે અથવા તમે આવું બધું ન કરતાં પ્રભુ સામે પોતાની સમસ્યાઓ રજૂ કરી

આદ્રભાવે તેમાંથી મુક્ત કરવાની પ્રાર્થના કરો છો. આ બાબત પણ તેવાં જ ઘડતરો રચી તેવું જ કાર્ય કરતા હોય છે.

એક વસ્તુ ખાસ ધ્યાન રાખવાની છે. તમારે જે કાંઈ પ્રયત્નો હોય અંતે તો પ્રભુકૃપા જ તે સમસ્યાનો ઉકેલ લાવે છે. તમે એમ માનતા થાઓ કે તમારા પ્રયત્નથી તે પરિણામ આવ્યું તો તે એક ભ્રમ છે અને તે તમારી પદ્ધતિને ભવિષ્યમાં નિષ્ફળ બનાવી દે છે.

શારીરિક સમસ્યાઓ પણ પ્રભુ સામે નિવેદન કરવામાં જરા પણ ભૂલ નથી. તે પણ સારી જ વસ્તુ છે. પ્રભુ પાસે ફક્ત સાધનાકીય સમસ્યાઓ જ મુકાય એવું કાંઈ નથી. અપ્રત્યક્ષ રીતે દરેક સમસ્યા સાધનાને જ પરિણામ કરતી હોય છે.

તમને પ્રભુ તમારું કાર્ય કરશે જ એવો જેટલો જ્વલંત વિશ્વાસ હશે તે નિશાનીરૂપ છે કે પ્રભુએ તમારી પ્રાર્થના સ્વીકારી છે અને વહેલા કે મોડા સમસ્યાનું નિવારણ જરૂર થશે જ.

પ્રભુની કૃપા પોતે જે કાર્ય કરે છે તે સંવાદમયતાનું આંદોલન મોકલીને જ. આ સંવાદમય આંદોલન રોગના સ્થળે જાય છે જ્યાં વિસંવાદનું વાતાવરણ જામેલું હોય છે. તેને તે ધુમ્મસની જેમ વિખેરી નાંખે છે અને સંવાદ રચે છે, તેથી કોષોમાં ફરી રોગનિવારણ શક્તિ તીવ્ર બનીને તે રોગ મટાડે છે. દરેક સમસ્યા અંતે તો વિસંવાદની જ સમસ્યા હોય છે.

ઘણી વખત પ્રભુકૃપામાં વ્યક્તિનો વિશ્વાસ અચાનક પ્રગટ થાય છે. તે ચમત્કાર હોતો નથી પણ વ્યક્તિની અજ્ઞાનમય પ્રકૃતિના પડદા પાછળ પ્રભુકૃપા કાર્ય કરતી હોય છે તેનું કાર્ય હવે પરિણામ લાવવાની શરૂઆત કરે છે, તેથી વિશ્વાસ પ્રગટ થાય છે.

પ્રભુકૃપા ધીમેધીમે સક્રિય બની અંતે પરિણામ લાવે છે. તેના ત્રણ સ્વરૂપો જોવા મળે છે. બે અપ્રત્યક્ષ રીતે પડદા પાછળ રહીને કાર્ય કરવાનાં અને ત્રીજું સીધેસીધું પ્રગટ રીતે કાર્ય કરવાનું. અપ્રત્યક્ષ રીતે પ્રભુકૃપા કર્મના સિદ્ધાંત અનુસાર કર્મોના પરિણામ સ્વરૂપે કાર્ય કરે છે અથવા પ્રભુની કરુણારૂપે તે, તે કર્મસિદ્ધાંતમાં અપવાદ રચીને આકસ્મિક રીતે કાર્ય કરે છે. તેમાં કોઈ ઊર્ધ્વશક્તિનો નિમ્ન શક્તિનાં કાર્યમાં હસ્તક્ષેપ જણાય છે. પણ ત્રીજામાં તો વ્યક્તિ પ્રભુકૃપાને ઓળખી લે છે. તેને નમ્રતાથી સ્વીકારે છે, એટલું જ નહિ તેની

કાર્યપદ્ધતિને પણ તે આંતરિક રીતે સમજી અને જોઈ શકે છે. આ વસ્તુ તેના વિશ્વાસને દૃઢ નિષ્ઠામાં ફેરવી નાખે છે. પ્રભુકૃપા પૂર્ણ રીતે સફળ રીતે કાર્ય કરે એવી વ્યક્તિની અપેક્ષા હોય તો તેણે તેના કાર્યમાં અવરોધરૂપ જરા પણ બનવું ન જોઈએ અને તે કાર્ય પ્રભુકૃપાએ જ કર્યું છે તેની તેને બાલંબાલ ખાતરી હોવી જોઈએ.

પ્રભુકૃપાની કાર્યપદ્ધતિ અગમ્ય છે. તેને માનવી-ધારાધોરણો માન્ય નથી. તેને પોતાના જ અનોખા ધારાધોરણો છે. તે છે વ્યક્તિની દિવ્ય-ચેતનાનો વિકાસ. તે માટે આપત્તિની, સમસ્યાની જરૂર છે. તો તે પણ તેના ધારાધોરણમાં બેસે છે. પ્રભુની કરુણા આપત્તિમાંથી રાહત આપવાનું જ કાર્ય કરે છે પણ કૃપા જરૂર પડે તો તેમાંથી પસાર થવાનું આયોજન પણ કરે છે. તે એક કેળવણીકાર છે. કેળવવા માટે બધું જ કરવું એ તેનું ધારાધોરણ છે. આપણે જો પ્રભુકૃપાને સમર્પિત રહેશું તો તેને કઠોર કેળવણી આપવાની જરૂર નહિ પડે. તેવે સમયે તે વધારે કરુણાભાવથી કાર્ય કરશે. પ્રભુકૃપાને પિછાન્યા વગર તે કેવી રીતે છૂટથી કાર્ય કરી શકશે ? આપણે અજાણતા અવરોધો સર્જીએ છીએ. હાથે કરીને દુઃખી થઈએ છીએ. આપણને અનુભવાશે કે આપણા જીવનમાંની ગંભીર આપત્તિઓ અને મરણતોલ ફટકાઓ પણ પ્રભુના છૂપા આશીર્વાદ અને કૃપા જ હોય છે.

પ્રભુકૃપામાં જવલંત શ્રદ્ધા એ જ ઉપાય છે.

---

(પાના ૪૦ ઉપરથી) **''હુતા - માતાજીનું બાળક''**

માતાજીની દિવ્ય ચેતનાની જીવંત હાજરીની અનુભૂતિ થાય છે.

હુતાબેન હમેશાં કહેતાં કે તેઓ શ્રી માતાજીના ખોળામાં રમતાં નવજાત શિશુ જેવા છે. જ્યારે બીમારીએ હુતાબેનને ઘેરી લીધા ત્યારે તેમણે કોઈપણ પ્રકારની સારવાર એલોપથી, આયુર્વેદિક કે પછી હોમિયોપથી લેવાનો ઈન્કાર કરતા હતા અને કહેતાં, ''હું તો શ્રી માતાજીના ખોળામાં રમતી બાળકી છું.''

શ્રી હુતાબેનની આ શ્રદ્ધા અને સમર્પણભાવને શ્રી માતાજી સ્વીકૃતિ આપતાં હોય તે પ્રમાણે હુતાબેનની ચેતના શ્રી માતાજીના દહોર્ત્સગના દિને ૧૭ નવેમ્બરના રોજ શ્રી માતાજીમાં લય પામી ગઈ. જે રીતે નદી સમુદ્રમય બની જાય છે તે રીતે હુતાબેન પણ શ્રી માતાજીમય બની ગયા છે. હુતાબેને મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ઉપર અનન્ય પ્રેમ વરસાવ્યો હતો.

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રના સાધકો)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૩-૪૪) - પ્રકરણ-૧૪

## આપણા અહંકારની મૂર્ખાઈ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**કોઈ એવો સિદ્ધાંત રજૂ કરતું હતું કે પ્રભુ તો આવા જ હોવા જોઈએ, નહિ તો તે પ્રભુ હોઈ શકે નહિ. મને તો એમ લાગ્યું કે હું તો માત્ર પ્રભુ શું છે એટલું જ જાણી શકું છું. પ્રભુએ કેવા હોવું જોઈએ એ હું તેમને કેવી રીતે કહી શકું તે મારી સમજમાં આવતું નથી. આપણી પાસે એવું કયું ધોરણ છે કે જે વડે આપણે પ્રભુ વિષે કશો નિર્ણય બાંધી શકીએ ? આ બધા નિર્ણયો એ તો આપણા અહંકારની મૂર્ખતાઓ માત્ર છે. (૧૫)**

* * *

''માતાજી, પ્રભુ સાથેનું તાદાત્મ્ય શું ઠેઠ સ્થૂળ મન સુધી વિસ્તરે છે ? અને શું આપણે સ્થૂળ મન વડે પ્રભુને જાણી શકીએ ?''

'પ્રભુ સાથેનું તાદાત્મ્યની શરૂઆત પ્રથમ ઊર્ધ્વ તત્ત્વોથી થાય છે અને જેમ જેમ ઊર્ધ્વ પૂર્ણ રૂપાંતર પામતા જાય છે તેમ તેમ તે નિમ્ન તત્ત્વોમાં પણ રૂપાંતર પ્રક્રિયા શરૂ કરાવે છે. પણ ઊર્ધ્વ તત્ત્વો પ્રભુનો પ્રભાવ ઝીલવા માટે ત્યારથી જ નિમ્ન તત્ત્વો ઉપર પણ તેમનો વધુ ઓછો, ક્ષણિક, કે કાયમી પ્રભુત્વ તો પડતો જ હોય છે. પણ તે રૂપાંતરની પ્રક્રિયા શરૂ કરવા માટે સમર્થ હોતો નથી.

એક વખત તત્ત્વોનું રૂપાંતર થાય એટલે તે તત્ત્વો મારફત પ્રભુની હાજરી સાધક પોતે અનુભવે છે અને તે સ્થાયી થતા અન્યો પણ અનુભવી શકે છે. આવી હાજરી અન્યોનાં તત્ત્વો ઉપર પણ ક્ષણિક કે કાયમી પ્રભાવ પાડવા માંડે છે. રૂપાંતર બાદ તે તત્ત્વ પોતાના મૂળ અશુદ્ધ સ્વરૂપ જેવું રહેતું જ નથી. તે નવું જ રૂપ અને ઘાટ ધારણ કરે છે.

તેથી જો પ્રશ્નનો અર્થ એવો હોય કે હાલમાં છે તે સ્થિતિમાં જ પ્રભુને જાણી શકે

છે કે, તો તેનો જવાબ ના છે પણ દિવ્ય-રૂપાંતર બાદ શક્ય છે કે, તો તેનો જવાબ 'હા' છે. આ શક્યતા એને કારણે છે કે પ્રભુ તો બધાની જ અંદર પ્રથમથી જ હાજર છે. તે અંતર્યામી છે. વ્યક્તિ તેમની સાથે તાદાત્મ્ય અનુભવે તે હેતુથી જ તેઓ અંતર્યામી બન્યાં છે.

આપણી પ્રભુ સાથેની એકરૂપતામાં પણ વિવિધ સ્તરો અને કક્ષાઓ છે. પ્રથમ તેના સત્ પાસાની ઝાંખી થાય છે. પછી ચિત્ પાસાની. અંતે, આનંદ પાસાની. વળી આ પાસાના તાદાત્મ્યમાં પણ આંશિક, પૂર્ણ એવા પ્રકારો પડી શકે છે. શાસ્ત્રો ચાર મુક્તિ વર્ણવે છે તે આ તાદાત્મ્યના જ ચાર તબક્કા છે. સાંનિધ્ય મુક્તિમાં હાજરીનો જ ફક્ત અનુભવ થાય છે, પણ સ્વરૂપનાં દર્શન થતાં નથી. તે સત્ - પાસાનો અનુભવ છે. સાલોક્ય મુક્તિમાં સાધકને પોતાના સ્વરૂપમાં પ્રભુનો આલોક, પ્રકાશ અનુભવાય છે અને પ્રભુ પોતાના તત્ત્વોનું રૂપાંતર કરવા મથી રહ્યો છે એવું અનુભવાય છે. આ ચિત્-પાસાના અનુભવની શરૂઆત છે. સાયુજ્ય મુક્તિમાં તમારી ચેતના પ્રભુ સાથે સતત કાયમી સ્વરૂપે જોડાઈ ગઈ છે અને તે જોડાણને કારણે તમારા જીવનનું સંચાલન પ્રભુ જ કરવા માંડ્યા છે, તે જ કર્મો, પરિસ્થિતિ ગોઠવી તમારા સ્વરૂપનો ઉપયોગ કરી રહ્યાં છે એવો અનુભવ થાય છે. આ ચિત્-પાસાનો વિકસિત સાક્ષાત્કાર છે. અંતે આવે છે સારુપ્યમુક્તિ. તેમાં તમે પ્રભુના સ્વરૂપ સાથે તદ્દન એકરૂપ થઈ જાઓ છો અને પ્રભુને જીવન દ્વારા મળતા દિવ્ય-આનંદમાં તમે સહભાગી થઈ જાઓ છો. આ આનંદ-પાસાનો સાક્ષાત્કાર છે.

પણ આ સાક્ષાત્કાર દરેક સાધકની પ્રકૃતિ ધર્મને કારણે મર્યાદિત જ હોય છે. ઠાકુર કહેતા તેમ ખાંડના પર્વતમાંનો એક કણ જ સાધક રૂપી કીડી ચાખી શકે છે અને ધરાઈ જાય છે.

જન્મોજન્મ આ રીતે વિવિધ પ્રકૃતિ ધારણ કરતાં-કરતાં અંતે આપણે તત્ત્વતઃ પ્રભુ કેવાં છે, મૂળતઃ કેવા છે તે જાણી શકીએ છીએ. ગીતા આ વાતનો ખાસ ઉલ્લેખ અઢારમા અધ્યાયમાં કરે છે. ત્યારે તમારી સમગ્ર પ્રકૃતિનાં સર્વે કણેકણ પ્રભુ સંચાલિત હોય છે.

આપણે પ્રભુ કેવા છે તે જ જાણી શકીએ છીએ. તેમણે કેવા હોવું જોઈએ તેનો નિર્ણય લેવાની ક્ષમતા આપણામાં શક્ય જ નથી. તેવો પ્રયત્ન જ મૂર્ખાઈ છે. પ્રભુ ભક્તના પ્રેમને આધીન તેને મનગમતું દર્શન આપે તો તે તેની પરમકૃપા છે (જેમ તુલસીદાસને કૃષ્ણે કોદંડધારી રામનાં દર્શન આપ્યાં) તે પ્રભુની લીલા છે. પ્રભુની અનંત શક્યતાઓને આપણે બાંધી શકીએ નહિ.

# અતિમાનવચેતનાનું અવતરણ

(૧, જાન્યુ. ૧૯૬૯)

## નવીન ચેતના

(માતૃવાણી ભા.-૧૫, પૃ.૮૭-૮૯)

નવી ચેતનાને વિકૃત થયા સિવાય સ્વીકારવા શક્તિમાન થવા માટે પરમ ચેતનાના પ્રકાશમાં છાપો નાખ્યા સિવાય માણસે ઊભા રહેવા શક્તિમાન થવું જોઈએ.

૧૬ એપ્રિલ ૧૯૬૯

*****

ફક્ત એક જ નવીન હકીકત છે - આ વર્ષની શરૂઆતથી જ એક નવીન ચેતના આવિર્ભાવ પામેલી છે અને નવસર્જન માટે ખૂબ શક્તિશાળી રીતે પૃથ્વીને તૈયાર કરવા માટે કાર્ય કરી રહી છે.

૧૭, એપ્રિલ ૧૯૬૯

*****

જાન્યુઆરીથી કાર્ય કરતી તે નવીન ચેતના છે પરંતુ હવે તેનું કાર્ય ઘણું વધારે તીવ્ર બનેલું છે.

*****

જ્યાં સુધી જગત નવસર્જનને સ્વીકારવા માટે તૈયાર અને સહમત ન થાય ત્યાં સુધી તે વસ્તુ ચાલુ રહેશે; નવસર્જનની ચેતના આ વર્ષની શરૂઆતથી જ પૃથ્વી ઉપર કાર્ય કરી રહેલી છે. જો વિરોધ કરવાને બદલે લોકો સહકાર આપે તો તે વધારે ઝડપી બનશે.

*****

આ મહાન ફેરફાર, પૃથ્વી ઉપર એક નવીન જાતિની ઉત્પત્તિનો છે, જે માણસ માટે એવા પ્રકારનો હશે જેમ પ્રાણી માટે માણસ છે. તે પ્રમાણે આ

**નવીન જાતિની ચેતના પૃથ્વી ઉપર અત્યારે કાર્ય કરી રહી છે જેથી કરીને જેઓ તેને સ્વીકારી શકશે અને તેની અભિમુખ બનશે, તેમનામાં પ્રકાશ લાવશે. ૧૯૭૦**

*****

**પરિવર્તનને નીચે લાવવા માટે આપણી મદદની જરૂર નથી, પરંતુ આપણે તે ચેતના પ્રત્યે આપણી જાતને ખુલ્લી કરવાની જરૂર છે જેથી કરીને તેનું આગમન આપણે માટે નિષ્ફળ થાય નહિ.**

*****

**નવીન ચેતનાને ગ્રહણ કરવા માટે આપણી જાતને તૈયાર કરવા માટે સૌથી પ્રથમ શરત એ છે કે આપણામાં એક સાચી અને સાહજિક નમ્રતા હોવી જોઈએ, જે આપણને ઊંડાણમાંથી અનુભવ કરાવે કે આપણે કાંઈ પણ જાણતા નથી અને જે અદ્ભુત વસ્તુઓને પ્રાપ્ત કરવાની છે તેની સરખામણીમાં આપણી પાસે કાંઈ નથી.**

૧ પરમપ્રકાશને મનમાં ધારણ કરીને મનને દ્યુતિમનસ કર્યા વગર નવી ચેતનાને, અતિમાનવ ચેતનાને વિકૃત થયા વગર ધારણ કરી શકાતી નથી. પૃ.૮૭

૨ પૃદવી ઉપર નવસર્જનની તૈયારી કરવા તે નવી ચેતના, અતિમાનવ ચેતના કાર્ય કરી રહી છે. પૃ.૮૭

૩ સાધકને તે નવી ચેતનાનું અવતરણ ઊર્ધ્વમાંથી મસ્તકમાં પ્રવેશી સમગ્ર શરીરમાં ફેલાઈને વહેતું લાગે છે. તેના સંવેદનો આનંદદાયક અને આરામદાયક છે. તે આનંદનો એક પ્રકાર છે. મોઢામાં પણ મધુર સ્વાદ અનુભવાય છે. આ અતિમાનવચેતના ૧-જાન્યુઆરી ૧૯૬૯ના રોજ અવતરણ પામી. તે અતિમાનસચેતના પૃથ્વી ઉપર આવિર્ભાવ થાય તે પહેલાની એક વચગાળાની ચેતના છે. તે અતિમાનવોને નિર્માણ કરશે, જે અતિમાનસિક જીવોના પુરોગામી હશે. પૃ.૮૭

(અનુ. પાના ૩૧ ઉપર)

# ‘‘હુતા - માતાજીનું બાળક’’

- હર્ષદ ઠકરાર

હુતાનો અર્થ સંપૂર્ણ સર્વાંગી સમર્પણ થાય છે. શ્રી હુતાબેન આ જ ભાવથી શ્રી અરવિન્દ આશ્રમમાં જીવ્યાં છે. આપણે સૌ જાણીએ છીએ કે હુતાબેને તા.૧૭.૧૧.૨૦૧૧ના રોજ પોતાનો પાર્થિવ દેહ ત્યાગી શ્રી માતાજીની દિવ્ય ચેતનામાં લય પામી ગયા છે.

શ્રી હુતાબેનનું મૂળ નામ સવિતાબેન હતું. શ્રી માતાજીએ તેમની ચેતનાને અનુરૂપ ‘હુતા’ નામ આપ્યુ હતું. હુતાબેન તેમના બન્ને નામને સાર્થક કરી શ્રી માતાજી અને શ્રી અરવિન્દને સંપૂર્ણપણે સર્વાંગી, સમર્પિત જ્વલંત જીવન જીવ્યાં છે.

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ સમર્પણ બે પ્રકારના હોય છે : એક વાંદરાના બચ્ચાનું સમર્પણ, બીજું બિલાડીના બચ્ચાનું સમર્પણ. વાંદરાનું બચ્ચું તેની માને વળગીને રહે છે. જ્યારે વાંદરાનું બચ્ચું ભય જેવું અનુભવે ત્યારે તે તેની માને છોડી દે છે. આ પ્રકારના સમર્પણમાં ભય અને શંકા રહેલા છે.

બિલાડીનું બચ્ચું પોતાની માને વળગતું નથી. પરંતુ બિલાડી પોતાના બચ્ચાને મોંમાં પકડે છે. બિલાડી એટલી સાવચેતીપૂર્વક પોતાના બચ્ચાને પકડે છે જેથી તેના ભીષણ દાંત બચ્ચાને ખૂંચે નહીં. બિલાડી પોતાના બચ્ચાને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય છે ત્યારે બચ્ચું પોતાની જાતમાં આનંદપૂર્વક મગ્ન હોય છે. ક્યારેય કોઈપણ પ્રકારનો ભય કે શંકા અનુભવતું નથી, કારણ કે બચ્ચાને તેની મામાં પૂર્ણ શ્રદ્ધા છે કે તેની મા બચ્ચાને માટે જે કાંઈ યોગ્ય છે તે જ કાર્ય કરશે અને બચ્ચાને કોઈપણ પ્રકારની અગવડ પડવા નહીં દે. એટલે જ હુતાબેને હમેંશા તેમની સાથેના વાર્તાલાપમાં પોતાની જાતને શ્રી માતાજીનું Kitten (બચ્ચું) કહેતાં અને એ જ ભાવ સામેની વ્યક્તિ અનુભવતી હતી.

હુતાબેનનું જીવન એટલે શ્રી માતાજીની ઈચ્છાને પોતાના જીવનમાં ઉતારવી અને તે ઈચ્છા મુજબ જીવન જીવવું. હુતાબેનનું આ પ્રકારનું જીવન આપણને ‘‘સાવિત્રી’’ના અને અન્ય ચિત્રો દ્વારા અનુભવાય છે.

હુતાબેન હમેશાં કહેતા કે તેમણે જે કોઈ ચિત્રો દોર્યાં છે તે ચિત્રો શ્રી માતાજીએ હુતાબેનનો હાથ પકડ્યો એવી અનુભૂતિ સાથે દોર્યાં છે. એટલે જ તો હુતાબેન પોતાની જાતને શ્રી માતાજીના વાહક કહેતાં. આ જ કારણે આપણને પ્રત્યેક ચિત્રમાં શ્રી

(અનુ. પાના ૩૫ ઉપર)

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

## શારીરિક કોષોનો કાયાકલ્પ

પ્રકરણ - ૧૪

સરસ્વતીનો કિનારો. ત્યાં એક ભવ્ય આશ્રમ. અસંખ્ય બ્રહ્મચારીઓ ત્યાં વેદાધ્યાન માટે આવે અને સંસ્કારી સ્નાતક બનીને વિદાય લે. એ આશ્રમ હતો કુલપતિહિરણ્ય સ્તૂપનો. તેઓ આંગિરસ ઋષિ હતા અર્થાત્ અગ્નિના ઉપાસક. તેમના આશ્રમના પડખે મગધ રાજ્ય હતું. ત્યાંનો રાજા રેણુ.

રેણુના રાજ્યમાં સર્વત્ર અવ્યવસ્થા સર્જાઈ હતી. ચોર - લૂંટારુઓનો ઉપદ્રવ વધી ગયો હતો. મંત્રીમંડળમાં મતભેદ, સમાજમાં વિસંવાદ, સંઘર્ષ વધી ગયા હતા. રાજપુત્ર પુરુ પણ નિષ્ક્રિય અને વિલાસી આળસુ બની ગયો હતો.

મહારાજા રેણુને હિરણ્યસ્તૂપ ઋષિની મદદથી એક મહાયજ્ઞ કરવાનો વિચાર આવ્યો. તેથી તેઓ પોતે ઋષિ આશ્રમે આવ્યા અને વિનંતી કરી જે ઋષિએ માન્ય રાખી.

ઋષિ પોતાના આશ્રમનું સંચાલન પોતાના પ્રમુખ શિષ્ય અર્ચનને સોંપી યજ્ઞકાર્ય માટે મગધ ભણી રવાના થયા.

તેમનો મહાયજ્ઞ પૂરો છ માસ ચાલ્યો પણ યજ્ઞના અંતે રાજ્યની સ્થિતિ બદલાઈ ગઈ. ચોર-લૂંટારુઓનો ત્રાસ બંધ પડ્યો. સમાજમાંનો વિખવાદ શમી ગયો. મંત્રીમંડળ એકમત થયું અને તેઓ રાષ્ટ્રભક્ત બન્યાં. રાજકુમાર પુરુને પોતાના કર્તવ્યનું ભાન થયું.

વેદકાળમાં ઋષિઓ ફક્ત આધ્યાત્મિક ક્ષેત્રે નહિ પણ શૈક્ષણિક, રાજકીય, સામાજિક, આર્થિક ક્ષેત્રે પણ પોતાની સેવાઓ આપતાં. ફક્ત તેઓનો કેન્દ્રિય - વિચાર આધ્યાત્મિક - જીવન રહેતો.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે :

મહારાજા રેણુ એટલે શારીરિક કોષો. તેમનો પુત્ર પુરુ એટલે જ શારીરિક કોષોમાં રહેનાર ચેતના, પૂરાએલી ચેતના. મંત્રીમંડળ એટલે આપણા સ્વરૂપનાં તત્ત્વો મન-

પ્રાણ, શરીર. રાજ્ય એટલે સમગ્ર માનવી-સ્વરૂપ. ચોર-લૂંટારા એટલે વિકારો, કુવિચાર, પૂર્વગ્રહો અર્થાત્ અવચેતનનાં પરિણામ સ્વરૂપ વિકૃતિઓ.

ઋષિ હિરણ્યસ્તૂપ જે આંગિરસી સાધના કરતાં તેમાં મૂળ સિદ્ધાંત એ કે શરીરમાંના અવચેતન અને તમસને કારણે ઉપરનાં બધાં જ તત્ત્વો. તેના પ્રભાવ નીચે આવી જીવન એટલે ભૌતિક સુખભોગ ભોગવવા જ છે અને તે ગમે તે માર્ગે મેળવી લો. બળિયાનાં બે ભાગ એ જ વ્યવહારુ નીતિ સાચી એમ માને છે.

આ પ્રકારની માન્યતાઓ એ જ ભ્રષ્ટ રાજ્ય-વ્યવસ્થા છે. આ સુધારવાનો ઉપાય એટલે આંગિરસી સાધના. તેનું માર્ગદર્શન આપવા ઋષિ હિરણ્યસ્તૂપ મહારાજા રેણુના રાજ્યમાં પધાર્યા. હિરણ્યસ્તૂપ એટલે સોનાનો થાંભલો, અર્થાત્ અવચેતન અને સચેતનથી સર્વથા મુક્ત પ્રકાશમય આત્મા.

આંગિરસી વિદ્યામાં ચેતનાની સભાનતા જે હાલમાં સમગ્ર શરીરમાં આછી - પાતળી ફેલાએલી રહે છે તેને પ્રથમ જુદાં જુદાં અવયવોમાં સ્થિર અને એકાગ્ર કરીને ત્યાં સભાનતા વધારવાની હોય છે. આ પ્રથમ તબક્કો પૂર્ણ થતાં બીજા તબક્કામાં તેને દરેક અવયવના શારીરિક કોષોમાં સ્થિર કરતી જવાની હોય છે. દરેક શારીરિક કોષને પોતાનું મન, પ્રાણ અને શારીરિક તત્ત્વ અર્થાત્ મનોમય, પ્રાણમય, પાર્થિવકોષ હોય છે. તેમને જાગૃત કરવાનાં હોય છે અને તેમનો વિકાસ કરવાનો હોય છે તેમને કોષમાંના જ વિજ્ઞાનમય કોષમાંથી આવતી દિવ્યપ્રેરણાઓને અનુસરવાનું શીખવવું પડે છે. વિજ્ઞાનમય કોષનો પ્રકાશ સુવર્ણરંગી હોવાથી સાધકને પોતાનું સમગ્ર સ્વરૂપ સુવર્ણમય લાગે છે. આ જ હિરણ્યસ્તૂપ ઋષિની અવસ્થા હતી.

અહીં આ રૂપાંતરની સાધનાની જરૂરિયાત અને પરિણામો દર્શાવવામાં આવેલાં છે.

**સુધારો (ડિસે.૧૧નો અંક - પૃ.૧૧)**

નૂતન પ્રકાશનોમાં જણાવેલ પુસ્તિકાઓ, શ્રી અરવિન્દ પોતા વિશે ભા.૧-૨, પ્રાર્થના અને મંત્રો, કર્મ, ધર્મ, યોગ, સમર્પણ અને કૃપા આ છ પુસ્તિકાઓના સંપાદક શ્રી વિજય અને અનુવાદક મહદ્ અંશે શ્રી અંબાલાલ પુરાણી અને સુંદરમ્ છે. - તંત્રી

સમજૂતી - માનસિંહ ચાવડા

# ત્રણ પ્રકારના માણસો

(પૃ.૧૪૨-૧૪૩)

રામ-રાવણનું યુદ્ધ શરૂ થયું. બન્નેના રથ સામ સામે આવી ઊભા.

“રામ, તું આ વાનરો અને રીંછોને લઈ મારી સામે લડવા આવ્યો ? તું મને શું સમજે છે ? આજે તને મારી તાકાતની ખબર પડશે, પણ અરેરે તું જીવતો રહેવાનો નથી. આજે યુદ્ધનો અંતિમ દિવસ અને તારું મોત. મારો વિજય હા... હા... હા....”

રામ હસ્યા, તેઓ જાણતા હતા કે આજે રાવણના જીવનનો અંતિમ દિવસ છે.

રામ બોલ્યા, “રાવણ, જગતમાં ત્રણ પ્રકારના માણસો હોય છે. તે ત્રણ વૃક્ષો જેવા હોય છે - ચંપો, આંબો અને ઉંબરો. ચંપાને ફક્ત ફૂલ આવે છે. તેમ અમુક લોકો વાચાળશૂર હોય છે. બકવાસ કરે છે પણ તેવું કરી બતાડતા નથી. બીજા આંબા જેવા જેમને મહોરરૂપી ફૂલ આવે છે અને કેરીરૂપી ફળ પણ બતાડે છે. ત્રીજા લોકો ઉંબરા જેવા છે તેને ફૂલ નથી આવતા. સીધેસીધા ફળ આવે છે. તેવા લોકો બોલતા નથી, ફક્ત કરી બતાડે છે. મને ઉંબરો થવું પસંદ છે.”

અને રામે સ્મિત કર્યું. તે સાંજે રામે પુરવાર કર્યું કે ખરેખર તે ઉંબરા જેવા જ છે. રાવણ તે દિવસે હણાયો.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## યોગથી બંધનમુક્તિ

પ્રકરણ-૩૭ (શૌનકોપનિષદ)

યજ્ઞનું સ્વરૂપ અને તેમાં વપરાતા મંત્રોની શક્તિનું રહસ્ય આ ઉપનિષદમાં વર્ણવેલ છે.

યજ્ઞમાં ત્રણ સવન હોય છે, ત્રણે વતા, ત્રણ છંદ અને પ્રણવની ત્રણ માત્રા હોય છે. સવન એટલે યજ્ઞ કરવાનો સમય - સવાર, બપોર, સાંજ. આ ત્રણ સવન છે. પ્રાતઃ સવનનાં દેવતા વસુ છે. માધ્યદિન સવનના સોમ દેવતા છે અને સાયં સવનનાં આદિત્ય દેવતા છે. પ્રાતઃ સવનના છંદ ગાયત્રી છે. માધ્યંદિન સવનના ત્રિષ્ટુપ અને રુદ્ર છંદ છે અને સાયં સવનનાં જગતી છંદ છે. પ્રાતઃ સવનની પ્રણવ માત્રા 'અ' છે, માધ્યંદિન સવનની 'ઉ' અને સાર્ય સવનની 'મ' છે. આવી રીતે યજ્ઞમાં સવન, દેવતા, છંદ અને પ્રણવનાં ત્રિક હોય છે.

પણ આ બધા ત્યારે જ સજીવ અને સમર્થ બને છે જ્યારે તેમની સાથે પ્રણવની ચતુર્થ માત્રા આવી મળે છે. પ્રણવની પરમ-ચેતના તરીકે ભાવના કરવી એ ચતુર્થ માત્રા. તેના વગર યજ્ઞ અને મંત્રો નિર્બળ બની જાય છે.

આ યજ્ઞને વૃષભની ઉપમા આપેલી છે. આ વૃષભને ચાર શિંગડાં છે, ત્રણ પગ છે. પરમ-ચેતના મર્ત્ય શરીરમાં પ્રવેશીને બંધન પામેલા વૃષભની જેમ ભાંભરતી હોય છે. પ્રણવની ચાર માત્રા એ ચાર શિંગડાં છે. ત્રણ વેદ એ તેના ત્રણ પગ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ આ બે પ્રમાણ તેનાં મસ્તક છે. સાત સૂર એ તેના સાત હાથ છે. ઉચ્ચારણના ઉદાત્ત, અનુદાત્ત અને ત્વરિત આ તેના ત્રણ બંધન છે.

આ યજ્ઞરૂપી વૃષભ છંદોનો બનેલો છે (યશ્છંદસાં વૃષભો વિશ્વરૂપઃ।) છંદ એટલે પ્રાણશક્તિનાં તરંગો જે સમગ્ર વિશ્વમાં ઊઠી રહ્યાં છે.

આ છંદો શાંત થઈ જાય છે ત્યારે બ્રહ્મતત્ત્વ પ્રગટ થાય છે. તે સૂર્યપ્રકાશ જેવા પ્રકાશરંગનું છે (બ્રહ્મ સૂર્યસમા જ્યોતિઃ (યજુ ૨૩-૪૮) આ જ પ્રણવ છે. તે જ સર્વ ભૂતોનો આધાર છે (સર્વાણિ હવા ઈમાનિ ભૂતાનિ પ્રણવ એવ પ્રતિષ્ઠિન્તિ)

પ્રણવ જ વિશ્વયજ્ઞ સ્વરૂપ છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ડિસેમ્બરનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## આંતર-ખોજ

સમજૂતી : કમલેશ માંડવિયા

જોતજોતામાં આ વર્ષ પણ પસાર થયું. આપણા માટે તે કેવું રહ્યું ? અનેક પરીક્ષાઓ, મુશ્કેલીઓ અથવા તો સુખ આશ્ચર્યોમાં આપણું વર્ષ પસાર થયું. દરેકની અવસ્થાઓ જુદી જુદી હોય તે મુજબ ઘટનાઓ બની આવતી હોય છે. આપણે જાણીએ છીએ કે ફક્ત પરમ સત્યને વળગી રહેવાથી જ આપણે ઘટનાઓને સ્વીકારી અને તેને પાર ઊતરી શકીએ છીએ. બાખોડિયા ભરતું બાળક પોતાનું પહેલું ડગલું ભરતા અચકાય છે અને ગબડી પણ પડે છે. પરંતુ ક્ષણ બાદ જણાય છે કે પરમ-પ્રભુનો હસ્ત આપણને આગળ ને આગળ દોરે છે. આ જ જીવનની સુંદરતા છે !

પ્રભુને પ્રાર્થના આપણે જરૂરિયાત, કૃતજ્ઞતા વ્યક્ત કરવા અથવા તો પ્રભુ સાથે વાર્તાલાપ કરવા માટે કરતાં જ હોઈએ છીએ. આપણી આંતરિક ઈચ્છાઓની તૃપ્તિ અને અમુક સ્વરૂપે બની રહેવાની ભાવનાઓ પ્રભુ સાંભળીને પરિપૂર્ણ કરશે જ તે આપણી તીવ્ર ઈચ્છા હોય છે.

પરંતુ પ્રભુનું શું કહેવું છે ? તેમની અપેક્ષા અને આપણા માટેના ઉદ્‌ગારો આપણે સાંભળીએ છીએ ખરા ? આ સંજોગોમાં આપણે આપણી જાતની આંતર-ખોજ કરીને જાણવું જોઈએ કે એવું કયું પગલું છે કે જે આપણા ધ્યેયની વધુ નજીક લઈ જાય, આપણા જીવનને વધુ ને વધુ પ્રભુમય બનાવે, જીવનને દિવ્ય સંવાદમયતા અર્પે !

# કરુણા

- હર્ષદ ઠકરાર

સામાન્ય રીતે માનવ સહાનુભૂતિ, દયા અને કરુણાને ચેતનાની એક જ ભૂમિકા સમજી ખોટી ગેરસમજમાં જીવન વ્યતીત કરે છે. દયા અને સહાનુભૂતિ મનોમય ચેતનાની ભૂમિકાની અભિવ્યક્તિ છે અને કરુણા એ ચૈત્ય ચેતનાની ભૂમિકાની અભિવ્યક્તિ છે. દયા, સહાનુભૂતિ માનવતાને અભિવ્યક્ત કરે છે, કરુણા દિવ્યતાને અભિવ્યક્ત કરે છે.

જ્યારે માનવ જીવમાત્ર પ્રત્યે કંઈક સહાય કરવી, દાન આપવું, માંદાને દવા આપવી કે તેની સેવા કરવી અથવા વિકલાંગ વ્યક્તિઓને શારીરિક કે અન્યરૂપે સહાયરૂપ થવું, એવી જે કોઈપણ માન્યતામાં જીવે છે તે અભિવ્યક્તિ મનોમય અથવા પ્રાણમય સ્વરૂપની, ભૂમિકાની હોય છે. મનોમય અથવા પ્રાણમય સ્વરૂપની ભૂમિકા માનવમાં દયા અથવા સહાનુભૂતિના ભાવ પ્રગટાવે છે. દયા અને સહાનુભૂતિ આ સંદર્ભમાં ચૈત્યપુરુષની અભિવ્યક્તિ નથી.

માનવ જીવમાત્રની સેવાર્થે અનેક સંસ્થાઓ સ્થાપે છે. જેવી કે સાર્વજનિક દવાખાના, આર્થિક રીતે નબળા લોકોને મદદરૂપ થતી સંસ્થાઓ, કે પછી સેવાની અન્ય સંસ્થાઓ સ્થાપે છે, છતાં પણ આ જગતમાંથી જીવમાત્રનાં દુઃખ-દર્દ ઓછાં થતાં નથી, પરંતુ દુઃખ-દર્દમાં વૃદ્ધિ થતી રહે છે.

જગતમાંથી દુઃખ-દર્દ નષ્ટ પામવાને બદલે વૃદ્ધિ પામવાનું કારણ માનવની અંદર પ્રગટ થતો દયા અને સહાનુભૂતિનો ભાવ છે, કારણ કે દયા અને સહાનુભૂતિ જીવમાત્રને સ્વાવલંબી બનવાને બદલે પરાવલંબી બનાવે છે. ફક્ત કરુણા જ જીવમાત્રને સ્વાવલંબી બનાવી જીવમાત્રને તેની નૈસર્ગિક પ્રકૃતિ મુજબ જીવન વ્યતીત કરવાની પ્રેરણા આપે છે, શક્તિ આપે છે. જીવમાત્રની નૈસર્ગિક પ્રકૃતિ એ જીવમાત્રમાં રહેલ દિવ્ય ચેતનાનાં સ્ફુલિંગ છે. આ સંદર્ભમાં કરુણા જીવમાત્રમાં સુષુપ્ત રહેલ દિવ્યતાને પ્રગટ કરી આપે છે.

જીવમાત્રમાં દુઃખ-દર્દ શા માટે ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્ન સ્વાભાવિક રીતે દરેક વ્યક્તિને મૂંઝવે છે. દુઃખ-દર્દ ઉત્પન્ન થવાનું કારણ જીવમાત્રની પોતાની ચેતનાની મનોમય અને પ્રાણમય ભૂમિકા છે. જીવમાત્રમાં રહેલ મન અને પ્રાણ શરીરમાં અમુક પ્રકારનાં આંદોલનો ઉત્પન્ન કરે છે. આ આંદોલનો ઉત્પન્ન થવાનું કારણ બાહ્ય પરિસ્થિતિના અનુભવો પ્રત્યે મન અને પ્રાણના પ્રત્યાઘાતો છે. પ્રત્યેક ધનિક વ્યક્તિ

સુખી હોતી નથી કે પ્રત્યેક ગરીબ વ્યક્તિ દુઃખી હોતી નથી. આ જ કહીકત આપણને સમજાવે છે કે દુઃખ-દર્દ એ બાહ્ય પરિસ્થિતિ પ્રત્યેના જીવમાત્રના પ્રાણ અને મનના પ્રત્યાઘાતનાં આંદોલનો છે. પ્રત્યેક જીવમાત્ર તેની નૈસર્ગિક પ્રકૃતિમાં જીવન વ્યતીત કરે છે ત્યારે જ આનંદ અભિવ્યક્ત કરે છે, પછી તે પશુ, પંખી કેમ ન હોય !

દુઃખ-દર્દ ઉત્પન્ન થવાનું કારણ મન અને પ્રાણના વિસંવાદી આંદોલનો તે શરીરમાંની વિકૃતિ દૂર કરવાનું કાર્ય કરુણા કરે છે, કારણ કે કરુણા જીવમાત્રમાં વિકૃતિ દ્વારા ઉત્પન્ન થયેલ વિસંવાદિતાનો સંવાદિતામાં રૂપાંતરિત કરી આપે છે.

દયા, સહાનુભૂતિ હમેશાં બાહ્ય સાધનોનો આધાર લેતી હોય છે, જ્યારે કરુણા માનવમાં આંતરિક પરિવર્તન લાવી દિવ્ય ચેતનાને પ્રગટાવે છે. દયા, સહાનુભૂતિ માનવની ચેતનાનો વિકાસ અટકાવે છે, જ્યારે કરુણા માનવની ચેતનાને વિકાસ સાધવામાં મદદ કરી ઊર્ધ્વથી ઊર્ધ્વ ભૂમિકામાં પ્રવેશ કરાવી આપે છે.

દયા માનવમાં કૂપમંડુકતાની ભાવના ઉત્પન્ન કરાવે છે. જ્યારે કરુણા માનવમાં મુક્ત પંખીની ભાવના જન્માવે છે, જે દ્વારા માનવને ચેતના ચિદાકાશમાં મુક્તપણે ઉડ્ડયન કરાવી ચેતનાની અનંતતાનો અનુભવ કરાવી આપે છે.

દયા માનવને તેની અપરા પ્રકૃતિના ગુણો દ્વારા અહંકારમાં બાંધી રાખે છે. જ્યારે કરુણા માનવને તેની અપરા પ્રકૃતિના ગુણોમાંથી મુક્ત કરી પરાપ્રકૃતિમાં પ્રવેશ કરાવી આપે છે.

પરાપ્રકૃતિમાં પ્રવેશેલો માનવ અનુભવે છે કે પોતે જે જીવન જીવે છે તે જીવન તેને પરમ પ્રભુ દ્વારા જ પ્રાપ્ત થયેલ છે. તેને પોતાનું જીવન પરમ પ્રભુના કાર્ય કરવા માટે આપવામાં આવેલ છે, માનવને પોતાના અહંકારને સંતોષવા માટે નહિ.

કરુણા દ્વારા માનવ જ્યારે સંપૂર્ણપણે અહંકાર રહિત બની જાય છે ત્યારે પોતે જુદી જ વ્યક્તિ છે એવો ભાવ ચાલ્યો જાય છે. આથી માનવ પાસે મદદ લેનાર અને મદદ દેનાર જે દ્વૈતભાવ છે તે વિલીન થઈ જાય છે. અદ્વૈતભાવમાં માનવ અનુભવે છે કે કોઈ સેવા કરનાર કે સેવા લેનાર નથી, પરંતુ બન્ને વ્યક્તિ અનુભવે છે કે તેઓ અહીં પરમ પ્રભુના કાર્ય માટે જીવન વ્યતીત કરવા આવ્યા છે.

માનવ જ્યારે દ્વૈતભાવમાં એટલે કે મદદ લેનાર અને મદદ આપનારની ભિન્ન ભિન્ન ચેતનામાં જીવે છે, ત્યારે આપનાર વ્યક્તિ લેનાર વ્યક્તિ પ્રત્યે તુચ્છભાવ ઉત્પન્ન કરે છે, માનવમાં ઉત્પન્ન થતો આ તુચ્છભાવ માનવની અંદર પોતે બીજાનું ભલું કરે છે તેવી અહંકારની ભાવના નિર્માણ કરે છે. આ મહત્ત્વાકાંક્ષા માનવને ઊર્ધ્વ ચેતનાને બદલે નિમ્ન ચેતનામાં લઈ જાય છે, જે દ્વારા માનવ અજ્ઞાન અને અંધકારભર્યા જગતમાં સરી પડે છે.

માનવમાં ઉત્પન્ન થતો દ્વૈતભાવ માનવમાં રહેલી દયા છે, જ્યારે કરુણા માનવને દ્વૈતભાવમાંથી મુક્ત કરી અદ્વૈત ભાવ દ્વારા માનવને ઉત્ક્રાંત કરી અંધકાર અને અજ્ઞાનમાંથી મુક્ત કરાવી આપે છે.

દયા માનવને એક દુઃખદર્દમાંથી મુક્ત કરી નવા દુઃખ-દર્દમાં સપડાવે છે, જ્યારે કરુણા જગતમાંથી તમામ પ્રકારના દુઃખ-દર્દને સ્થાને પ્રભુના આનંદને સ્થાપી આપે છે.

માનવ દયાને સ્થાને શા માટે કરુણા સ્થાપી શકતો નથી તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે કે -

''દિવ્ય - શક્તિ વચમાં પડીને સત્ત્વને તમારામાં લઈ આવે એવે દરેક પ્રસંગે તમે તેના પ્રત્યે પૂઠ ફેરવો તથા જો અસત્યને કારણે તેણે તમારામાંથી બહાર હાંકી કાઢ્યું હોય તેને પાછું તમારી અંદર બોલાવી લાવો તો પછી પ્રભુની કરુણા તમને સહાય નથી કરતી એવો દોષ તમે તેને દઇ શકતા નથી, પરંતુ તમારા પોતાના સંકલ્પના અસત્યને તથા તમારા સમર્પણની અપૂર્ણતાને તમારે દોષ દેવો જોઈએ.''

(મા : પૃ.૫) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ સમજાવે છે કે માનવે પોતાની અંદર કરુણાને સંપૂર્ણપણે સ્થાપવા માટે પોતાની અંદર રહેલા સંકલ્પને અસત્યને બદલે સત્ય દ્વારા પ્રગટ કરવાનો હોય છે. માનવે સંપૂર્ણપણે પરમપ્રભુને સમર્પણ કરવાનું હોય છે. સમર્પણ એકાંગી નહીં પરંતુ સર્વાંગી એટલે કે મન, પ્રાણ, શરીર અને અસ્તિત્વના તમામ ભાગો દ્વારા સર્વગ્રાહીરૂપે થવું જોઈએ.


શ્રી અરવિન્દે સમજાવેલા માર્ગનું અનુસરણ કરી આપણે સૌ દયાને સ્થાને કરુણાનું સ્થાપન કરી જીવન વ્યતીત કરીએ એ જ અભ્યર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

## **નૂતન વર્ષાભિનંદન**

**સહજ સત્સંગના કેન્દ્રના સભ્યો, દાતાઓ, લેખકો, વાંચકો, હિતેચ્છુઓને નૂતન વર્ષ યોગ-સાધનાની પ્રગતિ સાથે સુખ, શાંતિ, સમૃદ્ધિ, નિરામયતા, સંપ, યશભર્યું રહે એવી પ્રભુ ચરણે પ્રાર્થના સાથે.......**

ટ્રસ્ટી મંડળ



# શ્રી અરવિંદ

A hope stole in that hardly dared to be
Amid the Night's forlorn indifference.
As if solicited in an alien world
With timid and hazardous instinctive grace.

Savitri B-1, C-1, P-3

## પ્રભુકૃપાનું રક્ષણ

ભાવાનુવાદ

અચિત્‌ની ઉદાસીનતા, થોડી છૂટી જાય,
આશા ચોરપગલે પ્રવેશતી, પારકી ભૂમિ મ્હાંય,
માંડ માંડ ટકી રહે, પ્રભુકૃપાના એ જોરે,
નબળી, અવ્યવસ્થિત છતાં રક્ષણ એ અનુભવે.



## સોમનાથ (સૌરાષ્ટ્રના સમુદ્ર તટે)

ચંદ્ર મનરૂપ ગણ્યું, નક્ષત્ર સનાતન સ્વરૂપ,
ક્ષત ન થાય તે નક્ષત્ર ગણ્યું, શાસ્ત્ર વદે એ અનુરૂપ.
સાધનાનો શીઘ્ર વિકાસ એ, રોહિણીરૂપ ગણાય,
ચેતના આરોહણ કરે, એ સાર્થક નામ જણાય.
તેવા તબક્કાની પસંદગી, તે રોહિણી પ્રેમ ગણાય,
મન-ચંદ્રનો આ દોષ ગણ્યો, સાધના માંહે સદાય.
આરોહણે જ મન રત રહે, જે આપે આનંદ-ભોગ,
તે સાધના એકાંગી ગણે, દક્ષ-વિવેકને જોગ.
દક્ષ સાધનાની દક્ષતા, જે સમતાનો આગ્રહ ધરે,
પણ મન પસંદગીને વરે, ને અવળચંડાઈ કરે.
આત્મતત્ત્વની પવિત્રાતા, જ્યારે સ્પર્શે ચિત્ત,
ત્યારે તેની આ ભૂલમાં, થોડો સુધારો કવચિત્.
આ વૃદ્ધિ-ક્ષયના ખેલ સદા, ભરતી-ઓટ સમાન,
સાધક ઉત્સાહ-અવસાદ-રૂપ, અનુભવે એ વિધાન.
આત્મતત્ત્વમાં સ્થિર રહે, ઊર્ધ્વે અસીમ વિશાળ
સૌમ્ય પ્રકાશે પ્રકાશતી, એ સોમનાથ-ધ્યાન કહેવાય.
તે સમતાને વિકસાવતું, મન નિરપેક્ષ બને,
તે જ શ્રાપ-મુક્તિ ગણી, એમ મર્મી-લોકો ભણે.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક** www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

**પુસ્તકો** www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**